# ઈન્તેઝારની અસરો, બરકતો અને આવશ્યકતાઓ

ઈન્તેઝાર એક એવો શબ્દ છે જેનો અર્થ અને મતલબ ઈન્સાનના અસ્તિત્વ ઉપર છવાએલો છે. ઈન્સાન પોતાની વ્યક્તિગત પરિસ્થિતિમાં જે પરિવર્તનોથી ઘેરાયેલો છે તે જૂએ છે કે તે દરેક સ્થિતિમાં ઈન્તેઝારનો મોહતાજ છે. એક શ્વાસ જે બહાર નિકળે છે અને બીજા શ્વાસને અંદર લેવા માટે ઈન્તેઝારની એક પળ પસાર થાય છે. શ્વાસની આ આવન જાવન ઉપર વિચાર કરવામાં આવે તો જણાશે કે આ બંને શ્વાસની વચ્ચે જો ઈન્તેઝારનો ગાળો બરાબર ન જળવાય તો ઈન્સાનમાં જીવલેણ બિમારી પ્રવેશી શકે છે.

માનવીનું જીવન શ્વાસોશ્વાસ ઉપર આધારિત છે અને શ્વાસોનો આધાર નફસોના ઈન્તેઝારની નિયમિતતા ઉપર છે. આ સિદ્ધાંત મુજબ માનવીનું અસ્તિત્વ બે તત્વો ઉપર આધારિત છે. એક શ્વાસની આવનજાવન અને બીજી શ્વાસની આવન જાવન દરમ્યાનનો ઈન્તેઝાર.

### બુદ્ધિ અને ઈન્તેઝાર :

માનવીનું અસ્તિત્વ બુદ્ધિના કારણે ઉચ્ચતા ધરાવે છે અને ઈન્તેઝાર હંમેશા તેની સાથે સાથે તેને સહાય કરે છે. માનવીની બુદ્ધિ ધીરે ધીરે વિકાસની શક્તિ મેળવીને પ્રગતિના શિખરોને સર કરે છે. આ તબક્કાવાર પ્રગતિ તેના પાલવમાં કયફીયતના શરૂઆતના દરજ્જાઓને શણગારે છે, સંવારે છે, આકર્ષક બનાવે છે અને ખરાબીથી તેને પાક કરે છે. જેવી રીતે એક માઁ પોતાના બાળકને શરૂઆતના સમયગાળામાં ઉછેરતી વખતે કામ કરે છે અને પછી તે એ પરિણામનો ઈન્તેઝાર કરે છે કે હવે તે ઉચ્ચ સ્થાન પર જઈ શકે છે.

તેવી જ રીતે ઈન્સાન રૂહાનીય્યતની વિકાસની અનુભુતિ કરે છે અને જેમ જેમ તે મોટો થતો જાય છે તેમ તેમ તેની બુદ્ધિની રોશની વધે છે. તેનામાં ઉચ્ચ શિખરો સર કરવાની તાકત આવે છે અને તે ભૌતિક રીતે તો અન્ય વ્યક્તિઓની સાથે હોય છે પરંતુ બાતેની રીતે તે ઉચ્ચ દરજ્જા ઉપર બિરાજે છે. જ્યાંથી તે દુનિયાદાર અને અણગમતા માનવીઓની ખરાબીઓને જૂએ છે તેમજ પોતામાં તથા તેઓમાં એક પ્રકારનો તફાવત મેહસુસ કરે છે.

આ રૂહાનિય્યતની પ્રગતિ ધીરે ધીરે થાય છે અને શરૂઆતના તબક્કામાં હોય છે. પછી ઈલ્મ અને પરહેઝગારીની સહાયથી એક જુદી દુનિયાને પોતાની આજુબાજુ નિહાળે છે. તેની દુનિયા વિશાળ બનતી જાય છે જેની શરત એ છે કે હિદાયત સાચી હોય. તેની પરહેઝગારીમાં ચારે તરફનું સામાજીક વાતાવરણ તેની પરહેઝગારીમાં તેની પાછળ ન પડી જાય અને તેને ઉચ્ચ મંઝીલ સુધી પહોંચવાના પગથીયાઓ ઉપરથી પગને નીચેથી પકડીને ખેંચવાની હરકત કરવા ન લાગે. આવું વારંવાર બને છે. નહિં તો જનાબે અબુઝરને એક હદપારીની સખત મુશ્કેલ કસોટીમાંથી પસાર થવું ન પડતું અને ઈમામ હુસૈન (અ.સ.)નું આ ઐતેહાસિક વાક્ય અદા ન થાત. ***'ચાચા જે દોલતમંદોની પાસે છે તેની આપને જરૂરત નથી અને જે આપની પાસે છે તે તેઓના નસીબમાં નથી.' (અર્થાત : ઈન્તેઝાર કરો.)***

આ સંઘર્ષભર્યા જીવનમાં અડગ અને શ્રેષ્ઠ ઈન્તેઝાર, અજ્ઞાન અને નબળી વ્યક્તિઓના બનેલા ટોળાના શોર બકોરને દબાવી દે છે. શયતાનના બહેકાવવાની બધી ચાલબાજીઓ, ફરેબકારીઓ અને ફીત્નો ફેલાવવાની જાળના બધા તાણાવાણાને તોડી નાખીને ઈચ્છનીય વ્યક્તિનો માર્ગ સરળ અને પ્રકાશિત કરી દે છે. ધીરે ધીરે શ્રેષ્ઠતા જે માનવીના સર્જનનું કારણ છે તેનું નૂર તેના લલાટ ઉપર પ્રકાશ આપવા લાગે છે. ઉમર બીન ઓબૈદે આશ્ચર્ય પામીને છેવટે હિશામને પૂછીજ લીધું કે તમે ક્યાંક હિશામ બીન હકમ તો નથીને? અબુ બસીર કે જેઓ અંધ હતા, જ્યારે તેમને પૂછવાવાળાએ પુછયું કેઃ શું આપે ઈમામ સાદિક (અ.સ.)ને જોયા છે? ત્યારે તેમણે જવાબ આપ્યો. શું એ શક્ય છે કે તમે મસ્જીદના દરવાજા ઉપર ઉભા રહીને મને સવાલ કરી રહ્યા છો અને આ સમયે મારા

ઇમામ અહિં પોતાની ઇબાદતમાં મશ્ગુલ ન હોય.

આવી વ્યક્તિઓ કે જેની ચર્ચા ઉપર કરવામાં આવી છે તે જાહેરમાં તો આપણી સાથે હોય છે. તેઓની રહેણી કરણી પણ આપણી જેવી હોય છે. તેઓની વાતચીત પણ આપણી જેવીજ હોય છે. ટૂંકમાં ચાલ ચલન, બેઠક-ઉઠક આપણા રીત રિવાજની જેમજ હોય છે પરંતુ તેઓની બુદ્ધિ વધુ પ્રકાશિત અને સતેજ હોય છે અને તેઓ ઇન્તેઝારના ખરા અર્થને જાણતા હોય છે..... તેઓનો પોતાનો એક કબીલો પણ હોય છે. તેઓ પોતાના અસ્તિત્વની જુદી જુદી અસરો અને બરકતો ધરાવે છે. જેવા કે અલી બીન મેહઝીયાર, મુકદ્દસે અર્દબેલી, સૈયદ ઇબ્ને તાઉસ વિગેરે. આ પ્રકારના લોકોની એક લાંબી યાદી છે.

## ઇન્તેઝાર અને મઅરેફત :

અરબોની થોડી વ્યક્તિઓ એક જગ્યા ઉપર બેઠી હતી. ત્યાં હબીબ ઇબ્ને મઝાહીર, રૂશૈદે હુજરી અને મીસમે તમ્મારે એક બીજાની શહાદતોની નિશાનીઓને અમૂક પ્રતિકરૂપે રજુ કરી. ત્યારે સાંભળનારાઓ કહેવા લાગ્યા કે આ લોકો સૌથી વધુ ખોટા છે. અહિં રોકાઇને આ ત્રણેય વ્યક્તિઓ વિચાર કરવાનું સૂચન કરી રહ્યા છે કે એક સમૂહ અડગ રહેવાની અને ઇન્તેઝારની વાત કરીને નીચેના દરજ્જાના લોકોને પોતાના કબીલાના લોકોની સફળતાની સનદ આપી રહ્યા હતા. અર્થાત સમજાવી રહ્યા હતા કે અમે અમારી શહાદતનો ઇન્તેઝાર કરી રહ્યા છીએ અને તે લોકો એ છે કે જેઓ નફા અને નુકસાનથી અજાણ થઇને અંધારામાં ભટકી રહ્યા છે. અલ્લામા ઇકબાલના શબ્દોમાં:

**'તુ અપના રિઝક ઢુંઢતી હૈ ગર્દે રાહ મેં,**
**મેં તો સેપહર ભી નહિં લાતા નિગાહ મેં.'**

અશરફ (શ્રેષ્ઠ) અને અરઝલ (નિમ્ન)ને જુદી પાડતી નિશાની ઇન્તેઝાર છે. માનવીના સર્જનમાં નીચતા સુધી જવાની પણ આવડત છે તેમજ સૌથી ઉચ્ચ સ્થાન (અશરફીયત) ઉપર બિરાજવાની પણ તાકત છે. ઉડાન ભરવાની પણ આવડત તેમાં રહેલી છે. કુરઆને મજીદે તેના માટે ધીરજ ધરવાની તલ્કીન કરી છે અને હકની ઉપર અડગ રહેવાની પણ હિદાયત કરી છે. હક ઉપર અડગ રહેવું અને ધીરજ ધરવાનું મૂળ ઇન્તેઝાર છે. યમનની જીત પછી સલમાને ફારસીએ ઝોહયરે કૈનને કરબલામાં શહીદ થવાના ખુશખબર આપ્યા હતા. પરંતુ યમનની જીત અને કરબલાના જંગ વચ્ચે એક લાંબો સમયગાળો હતો. દરેક ડગલે ઇન્તેઝારનું પગથીયું હતું. જે બલંદી તરફ માટીના અસ્તિત્વને લઇ જઇ રહ્યું હતું. ઇન્તેઝારની અસરો અને બરકતોના વાદળો ત્યાંજ વરસે છે જ્યાં અશરફીયતની ફળદ્રુપતા આ વરસાદના વાદળોને પોતાની તરફ આકર્ષે છે.

આ ફળદ્રુપતા, આ વિકાસ, આ આકર્ષણ, કેવી રીતે અસ્તિત્વમાં આવ્યા છે. તેના માધ્યમો અને કારણો હોય છે અને તેની જરૂરતો હોય છે જે પ્રાપ્ત કરવા પડે છે. જેના માટે કઠોર પરિશ્રમ અને મહેનતની જરૂર હોય છે. ધીરજ અને સબ્રની જરૂરત પડે છે. ત્યાગ અને કુરબાની માટે હંમેશા તૈયાર રહેવું પડે છે. ખુદાની બારગાહમાં દિવસ અને રાત મુનાજાત કરવી પડે છે, પરહેઝગારીને અપનાવવામાં તકલીફો અને મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડે છે.

## ઇન્તેઝારની આવશ્યકતાઓ :

ટૂંકમાં ઇન્તેઝારની આ પૂરબહાર દુનિયામાં તેના ખુશ્બુભર્યા વાતાવરણમાં શ્વાસ લેવા માટે પોતાના અસ્તિત્વને, પોતાના વિચારોને અને પોતાના ચારિત્ર્યને પવિત્રતાના બીબામાં ઢાળવા માટે માનવીએ ઘણી બધી આવશ્યક્તાઓ અને શરતોને આધિન જીવન જીવવું પડે છે.

આપણે અહિં સમગ્ર આવશ્યકતાઓ પૈકી અમૂકની ચર્ચા કરીશું. જ્યારે ઇન્તેઝારની બરકતો અને તેની અસરોની ઓળખની એક ખૂબજ ટૂંકી છણાવટ થઇ ગઇ અને ન્યાય પ્રિય ઇન્સાનનું અંતઃકરણ તેને સ્વિકારી રહ્યું છે ત્યારે જોવાનું એ છે કે સબ્રને પગલે પગલે ઇન્તેઝારની દરેક વખતે બેચેની અને પરેશાનીની હાલતનો ઇલાજ કેવી રીતે થઇ શકે. કુરઆને કરીમમાં ફરમાન છે : *''ખુદા તે છે જે માનવીના દિલમાં સાંત્વન ઉતારે છે.''* મઅસુમ ઇમામો (અ.સ.)એ આપણને તેનું માર્ગદર્શન આપ્યું છે. આપણને તેની તાલિમ આપી છે. આપણને તેની પ્રકૃતિથી પરિચિત કર્યા છે. આપણને તેના તબક્કાઓ સર કરવા માટે એક સંપૂર્ણ તાલિમી કોર્ષ અને તબક્કાવાર અમલની હિદાયત

કરી છે અને તેની વ્યવસ્થા દરેક યુગમાં જાળવી રાખી છે. આપણી ઉપર મઅસુમ ઇમામોનો આ એહસાન છે કે જેમણે તેની આવશ્યક્તાઓ પણ અતા કરી છે અને ઉપર જેની ચર્ચા થઇ ચૂકી છે તેવા ઉદાહરણરૂપ કારકીર્દીની ઉંચાઇઓની સફર પણ કરાવી છે તથા ઇન્તેઝાર કરનારાઓના વર્તનની રીતભાત પણ આપી છે. આથી આપણે આજે ૧૪૦૦ વર્ષથી હજારો ઝુલ્મ હેઠળ મોતના તોફાનોમાં ઘેરાએલા હોવા છતાં પોતાના ઇમામ કાએમ (અ.સ.)ના રક્ષણ હેઠળ શાંતિ અને સાંત્વનથી જીવી રહ્યા છીએ અને મૃત્યુથી નિર્ભય રહીએ છીએ. આપણા માટે ઇમામે ઝમાના (અ.સ.) ઇન્તેઝારનું કેન્દ્ર છે. આપણા માટે તેમના ઝુહુરની કલ્પના કેટલા સુંદર દ્રષ્યો ઉભા કરી દે છે. આવો! આપણે જોઇએ કે આપણે ઇન્તેઝારની કઇ કઇ તાલિમી અને તરબીયતના તબક્કાઓમાંથી પસાર થવું જોઇએ કે ઇમામ (અ.સ.)નો પગરવ આપણને સંભળાવા લાગે અને આપણે ઇલાહી પંખીની પાંખોની હિંમત અને હોંસલાને પણ પાછળ રાખી દઇએ.

## પહેલો તબક્કો :

**ઇમામે ઝમાના(અ.સ.)ની યાદ અને તેમની પસંદગીની મુજબ થવું:**

યાદોનો સંબંધ ભૂતકાળ અને વર્તમાનકાળ સાથે હોય છે અને કોઇની પસંદને પોતાની પસંદગીનું ધોરણ ઠેરવવું તે વર્તમાનથી ભવિષ્ય તરફનું પ્રયાણ છે.

**યાદ** : ઇમામ (અ.સ.)ને યાદ કરવા - જીંદગીના અમૂક સમયે અમૂક જગ્યા ઉપર અમૂક લોકોની વચ્ચે એ જાણીને કે ઇમામ (અ.સ.) એક એવી જીવંત હકીકત છે જેમને અલ્લાહે આસમાનની બુલંદીઓ, ઉંચાઇઓ અને વિશાળતા એટલી વધારે બખ્શી છે કે તેમને પોતાની બરકતનું કેન્દ્ર બનાવીને આ દુનિયામાં પોતાના ખલીફા નિયુક્ત કર્યા અને જગત માટે પોતાની નજદિકીના માધ્યમ બનાવ્યા અને એક લાંબી મુદ્દતની ગયબત આપીને પોતાના બંદાઓના ઇમાનને પારખવા માટે એક નિશાન બનાવ્યું જે મંઝીલ પછી મંઝીલ ઇમાનની ઉંડાઇ વધારે હોવાનો હિસાબ આપે છે. તેની ચર્ચા કુરઆને મજીદમાં આ રીતે છેઃ

***“... અને તે (ખુદા) ઇમાન ઉપર ઇમાનની ઉંડાઇને વધારતો રહે છે અને જમીન અને આસમાનનું લશ્કર અલ્લાહ તઆલા માટે છે.”***

જ્યારે અલ્લાહના આ નૂરની તરફ દિલ ચમકવા લાગે છે અને તેની યાદમાં તાજગી પૈદા થાય છે ત્યારે ઝુહુરના ઇન્તેઝારની ઇબાદત માટે કદમ આગળ ધપવા લાગે છે. આપણા ભૂતકાળની લાંબી સફરની યાદના અજંપાને નજીકના ભવિષ્યમાં ઝુહુરની મંઝીલ સુધી પહોંચવા માટે ખુદને કહીએ છીએ કે કાશ! અગર મને પાંખો હોત તો હું ઉડીને મારા મૌલાના કદમોને ચુમી લેત.

ધીરે ધીરે આ શબ્દ ‘અમૂક’ વચ્ચેથી હટી જાય છે. હવે અમૂક સમય નહિં બલ્કે હંમેશ, અને અમૂક જગ્યાઓ ઉપર નહિં પરંતુ દરેક જગ્યાએ હવે અમૂક મહેફીલો અને મેળાવડાઓમાં નહિં બલ્કે દરેક જગ્યાએ, દરેક મહેફીલમાં, દરેક સ્થળે આપણી દ્રષ્ટિ સમક્ષ હઝરત હુજ્જત (અ.સ.) હોય છે એ ઇન્તેઝારની સાથે કે હવે ઝુહુર થઇ જાય. હવે આપ આવી જાવ. હાલમાં આપ ક્યાં હશો? આપની સાથે કોણ હશે? આપની દ્રષ્ટિ કઇ તરફ છે? આપની આંગળીઓ કઇ બાજુ ઇશારો કરી રહી છે ? ફરી પાછું દિલ કહે છે કે શક્ય છે કે તે મસીહા કોઇ બિમારના માથા પાસે હશે. કદાચ, હજ દરમ્યાન ગુમ થએલા, કમજોર અને ચાહવાવાળાઓના સમૂહની મદદ માટે પોતાના ખાસ કર્મચારીઓને ગોઠવી રહ્યા હશે. આ રીતે યાદના સિલસિલા ઇન્તેઝારની સાથે ખભે ખભા મેળવીને એક ચાહનારાની જીભ ઉપર આવતા રહે છે.

જીભથી આ કહી દેવું ઘણું સહેલું છે. ઘણું સારૂ લાગે છે. પરંતુ આ પરિસ્થિતિ અને રિતભાતનું નિર્માણ કરવું ઘણું મુશ્કેલ છે. પરંતુ દરેક મુશ્કેલી વધુને વધુ આસાન થઇ જાય છે. અગર આપણું ધ્યાન ઇમામ (અ.સ.)ની પસંદગી, તેમની ખુશ્નુદી અને તેમની રઝા તરફ રહે અને આ ત્યારેજ શક્ય બને છે જ્યારે નફસની ખ્વાહિશો મરી જાય છે અને બુદ્ધિ જાગે છે.

### ૧. દુનિયાની મોહબ્બતને ત્યજી દેવીઃ

જે લોકો દુનિયાદારીની મોહબ્બતમાં, નફસની પયરવીમાં, ખ્વાહીશાતમાં રચ્યા પચ્યા રહે છે તેઓ તે શરઇ ઝિમ્મેદારી જે આપણા ઉપર વાજીબ કરવામાં આવી છે તેનાથી બેખબર થઇ જાય છે. તેનાથી એટલા બેદરકાર રહે છે કે શરીઅતનું મહત્ત્વ બાકી રહેતું નથી. આ રીતે

અક્કલની હાકેમીયત ખત્મ થઇ જાય છે. શું આવી વ્યક્તિઓની મુશ્કેલીઓ દૂર થઇ શકે છે? શું તેઓ એક પળ માટે પણ વિચારી શકે છે કે તેઓ ઇમામે ઝમાના (અ.સ.)ની પસંદગી અને ખુશ્નુદીની કાળજી લેવા માટે આગળ વધી શકે છે?

ક્યાં તે પવિત્ર હસ્તી જે નજાતનું માધ્યમ છે, અને ક્યાં હલ્કી દુનિયા મેળવવાનો સંઘર્ષ. માનવી કેટલો મોટો થઇ જાય છે જ્યારે અક્કલના મોતીના પ્રકાશમાં અને આજુબાજુના માહોલથી મુક્ત થઇને માત્ર વિચાર કરે છે અને કહે છે : અફસોસ! અગર કાશ હું ઇમામે ઝમાના (અ.સ.)ના ગુલામોમાં દાખલ થઇ જતે. અહિંથીજ માટી નરમ થઇ જાય છે અને માનવીની ફિત્રતની ખેતીમાં મોહબ્બતનો લીલોછમ પાક લહેરાવા લાગે છે.

જેમ કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

*'સૌથી વધુ ઇબાદત ગુઝાર એ શખ્સ છે જે વાજીબ બાબતો ઉપર અમલ કરે છે.'*

(ઉસુલે કાફી)

ઉસુલે કાફીની બીજી એક રિવાયત છે જેમાં ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે.

*'જે અલ્લાહની મઅરેફત ધરાવે છે તે અલ્લાહથી ડરે છે અને જે અલ્લાહથી ડરે છે તેનું દિલ દુનિયાથી ઉઠી જાય છે.'*

હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.) નહજુલ બલાગાહમાં ફરમાવે છે :

*'આગાહ થઇ જાઓ કે તમારો ઇમામ દુનિયાની સંપત્તિમાં બે જુના કપડાં અને ખાવા માટે બે રોટલી ઉપર સંતોષ માને છે. આગાહ થઇ જાવ કે તમે આ પ્રકારનું જીવન પસાર નથી કરી શકતા. પરંતુ તમે પરહેઝગારી અને તેના માર્ગ ઉપર ચાલવાની કોશિશ કરીને અને પાક દામની અને દીનના હુકમોમાં મજબુત રહીને મારી મદદ તો કરી શકો છો.'*

આ સૌથી વધુ સુંદર વાક્યો આપણી આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક ઝીંદગી પર પ્રકાશ પાડે છે. અગર આપણા જીવનની રહેણી કરણી આ રીતની હોય તો ઇમામ (અ.સ.)ના દરનું અંતર દૂર થઇ જશે.

**૨. ઇમામ (અ.સ.) સાથે જોડાઇને રહેવું :**

આ વિષય ઇમામ (અ.સ.)ની મદદ અને તેમની ખિદમતની તમન્નાનો છે. આ એક વિસ્તૃત વિષય છે. ધીરજની ઘણી મોટી કસોટીના તબક્કાની દાસ્તાન છે. બહુ ઓછા ખેડાયેલ માર્ગ ઉપર ચાલવાની મુસાફરી છે. નફસના હિસાબ ઉપર તેની બુનિયાદ છે. ફરફોલા પડેલા પગથી કાંટાઓ ઉપર ચાલવાનો સબક છે. ઇમામ (અ.સ.)ની કેળવણી શાળામાં કસરતનો ક્રમ છે. પરંતુ ... પરંતુ... પરંતુ આ માર્ગમાં થોડા ડગ ભર્યા પછી જ એવું મહેસુસ થવા લાગે છે જાણે રૂહુલ કુદસનો અવાજ ક્યાંક દૂરથી આવતો હોયઃ 'મુબારક થાય તમને તમારી આરઝુની રોશન દુનિયા.'

અહિં વાંચકોની સેવામાં એક ઐતેહાસિક પ્રસંગનું ઉદાહરણ રજુ કરીએ છીએ. જેથી ઇમામ (અ.સ.)ની મદદની આરઝુ અગર વધતી જાય તો આ નાસિર અને યાવર જે જેના દિલમાં આ આરઝુએ જન્મ લીધો છે તેની આખેરત કેવી રીતે સુશોભિત થઇ જાય છે. વાતને વધુ સ્પષ્ટ કરી દઉં. કરબલા તૈયાર થઇ રહી હતી, જનાબે ઝયનબ (સ.અ.)એ ઇમામ હુસૈન (અ.સ.)ને કહ્યુંઃ 'ભાઇ! દુશ્મનના લશ્કરમાં એક પછી એક ટૂકડીનો વધારો થઇ રહ્યો છે. ભાઇ! શું આપનો કોઇ નાસિર અને મદદગાર નથી આવી રહ્યો?' આપે જવાબ આપ્યો : 'બહેન! આવી રહ્યો છે ઇન્તેઝાર કરો.' થોડીવાર પછી જનાબે ફીઝઝાએ જનાબે ઝયનબ (સ.અ.)ને ખબર આપ્યાઃ 'બીબી! આપના ભાઇના નાનપણના દોસ્ત હબીબ ઇબ્ને મઝાહીર આવ્યા છે.' બીબીએ કહ્યુંઃ 'ફીઝઝા! હબીબને મારા સલામ પહોંચાડો.' ફીઝઝાએ હબીબને સંબોધન કરીને કહ્યું : 'હબીબ શેહઝાદી ઝયનબ (સ.અ.) આપને સલામ કહી રહ્યા છે.' હબીબે પોતાનું માથું જમીન ઉપર પટક્યું અને કહ્યું : 'આ નાચીઝ ગુલામ ક્યાં અને શેહઝાદી ઝયનબ (સ.અ.) ક્યાં? હુસૈન (અ.સ.)ની નુસ્રત અને મદદે હબીબને આ મરતબો આપ્યો કે તે સલામ જે ખાતુને જન્નત (સ.અ.)ની પુત્રી સાનીએ ઝહરા (સ.અ.)ના મુબારક હોઠોથી અદા થયા હતા આજ સુધી તે આસમાનમાં ગુંજી રહ્યા છે અને ઇમામ

(અ.સ.)ની નુસ્રત અને મદદ કરનારાઓના ઉંચા મરતબાને બતાવી રહ્યા છે. આ સલામ તે ગુલાબ છે જેના ઝીક્રની ખુશ્બુ દરેક મજલીસે અઝામાં ફેલાએલી હોય છે.

આજ ચૌદ સદી પસાર થઇ ગઇ છે. આપણે આપણા ગાએબ ઇમામ (અ.સ.)ને પોકાર કરી રહ્યા છીએ અલ-અજલ, અલ-અજલ અને દોઆ કરીએ છીએ.

*'અય અલ્લાહ અમારી ગણતરી તેમના સાથીઓમાં, મદદગારોમાં અને તેમના સાચા શીઆઓમાં કર.'*

દોઆ તો કરીએ છીએ પરંતુ જનાબે હબીબ જેવું કલેજું ક્યાંથી લાવવું? અગર તે હિમ્મત અને હોંસલો પૈદા નથી કરી શકતા તો ઓછામાં ઓછું આપણા અમલોને તો ચકાસી લઇએ કે જેથી કરીને ઇમામ (અ.સ.)ને મોઢું દેખાડવાના લાયક તો રહીએ અને ઉઠતા, બેસતાં, જાગતા, સુવાના સમયે, મુસાફરીમાં તેમજ દરેક પ્રસંગે કહેતા રહીએ યા અબા સાલેહ અલ મહદી અદરીકની.

**૩. ઇમામ (અ.સ.)ના ઝુહુર માટેની તૈયારીઃ**

શબ્દ તૈયારી શીઆઓમાં ઝુહુરે ઇમામની આસપાસ ફરી રહ્યો છે. દરેક ફીર્કાના લોકો આપનો ઝુહુર થશે તેવી માન્યતા ધરાવે છે. આ એક ફક્ત શીઆઓનો અકીદો છે તેવું નથી બલ્કે આ આખી દુનિયાની માન્યતા છે. દુનિયાની બધી કૌમ મહદી (અ.સ.)ના ઝુહુરના અકીદા ઉપર ઇમાન ધરાવે છે. શીઆઓ અને બીજા ધર્મોમાં ફર્ક માત્ર એટલો છે કે આપણી સામે હકીકત સુર્યથી વધારે સ્પષ્ટ છે. બીજાની જેમ અસ્પષ્ટ કે ધુમ્મસ ભર્યા વાતાવરણમાં શોધખોળ કરતા હોય તેવી નથી.

આવી પરિસ્થિતિમાં જરૂરી છે કે આ કૌમની દરેક વ્યક્તિ ઝુહુર માટે પૂરેપૂરી રીતે તૈયાર રહે અને હંમેશા તૈયારીમાં વ્યસ્ત રહે. જ્યારે ઝુહુરની હકીકત સૂર્યની જેમ સ્પષ્ટ છે ત્યારે દરેક વ્યક્તિને પોતાના ચારિત્ર્ય ઉપર પડેલા ડાઘ ચોખ્ખા દેખાઇ રહ્યા છે અને અગર તેને જોયા પછી પણ ખરાબ દેખાતા ડાઘના ધબ્બા ચારિત્ર્ય પરથી ધોવામાં ન આવે તો આખેરત દુઃસ્વપ્નોમાં ખોવાઇ જશે.

આ કલંકિત ચારિત્ર્યને પાક કરવા માટે અમૂક બુનિયાદી કાર્યો છે.

**નફસનો હિસાબઃ**

ગુનાહની ખૂબ માફી માગવી અને 'યા અબા સાલેહ અલ મહદી અદરીકની' સતત પડતા રહેવું. જ્યારે નફસની ચુંગાલમાં માનવીના વિચારો ફસાઇ જાય છે અને જ્યારે ચારિત્ર્યમાં ખોટ આવવા લાગે છે ત્યારે સાચા રેહબર, અલ્લાહ તઆલાના જાનશીન જેઓ આ દુનિયાના ઉચ્ચ દરજ્જા ઉપર બિરાજેલા છે તે આપણને પડતીમાંથી બચાવી લ્યે છે. નફસની ખ્વાહિશોની ચુંગાલમાંથી મૂક્તિ અપાવે છે અને આપણને એટલા સુપાત્ર બનાવી દે છે કે આપણું જાહેર આપણા બાતિનનું પ્રતિબિંબ બની જાય છે અને આપણે આપણા તકવીની નૂરની અનુભૂતિ કરીએ છીએ. દુનિયાની કસોટીના મૈદાનમાં આટલા ઉચ્ચ અને ઉચ્ચતમ પગથીયાઓ ઉપર એક પછી એક ડગલું આગળ વધવું સહેલું તો નથી પરંતુ અશક્ય પણ નથી. અને જો હિદાયતનો પ્રકાશ સામે હોય તો મુશ્કેલ પણ નથી અમૂક ડગલા આગળ વધ્યા પછી તરત જ રૂહાની આનંદના સિલસિલા શરૂ થઇ જાય છે. ડોક્ટર સૈયદ મોહમ્મદ બની હાશમીએ તેની કિતાબ 'સુલુકે મુન્તઝેરાન'માં આ વિષયના અનુસંધાનમાં એવી વાતો કરી છે કે જે મઅસુમ ઇમામો (અ.સ.)ની હદીસોના પ્રકાશમાં છે અને દિલમાં ઉતરે તેવી છે. તેથી તૈયારીના સંદર્ભની આયત અને રિવાયતોમાંથી અમે માત્ર એક ઉપર સંતોષ કરીશું. પરવરદિગાર ફરમાવે છેઃ

***''અય તે લોકો! જેઓ ઇમાન લાવ્યા, સબ્ર કરો, સાબિત કદમ રહો અને સંપર્ક રાખો. અલ્લાહ તઆલાથી ડરતા રહો, કદાચ તમને કામ્યાબી નસીબ થાય.''***

અહિં ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

***'એટલે કે વાજીબાત અદા કરવામાં મજબુતીથી કાયમ રહો અને મુસીબતો અને બલાઓમાં સાબિત કદમ રહો. તેની ઉપર તમારા ઇરાદાઓ અને હિંમત સાથે તમારૂં નિયંત્રણ રાખો. શંકાકુશંકાઓમાં સપડાઇ ન જાવ અને પવિત્ર રસ્તાથી કદમ હટી ન જાય અને આ એજ સમયે શક્ય છે કે જ્યારે ઇમામે વક્ત (અ.સ.) સાથેનો તમારો સંપર્ક મજબુત હશે, અડગ હશે. જેના પરિણામે અલ્લાહનો ભય આપણને દરેક ભયથી***

(અનુસંધાન પાના નં. ૯ ઉપર)

# ઈમામે ઝમાના (અજ.)ની જુમ્આના દિવસની ઝિયારતની સમજૂતિ

(ગયા અંકથી આગળ)

**(૪) 'સલામ થાય આપ ઉપર અય શ્રેષ્ઠ ગુણો ધરાવનાર, ખુદાનો ખૌફ ધરાવનાર.'**

આ વાક્યમાં ઈમામે અસ્ર હઝરત મહદી (અજ.)ના બે લકબો રજુ કરવામાં આવ્યા છે. એક મોહઝઝબ અને બીજો ખાએફ. શબ્દ મોહઝઝબ બાબે તફઈલનું ઈસ્મે મફઉલ છે. અને તેનો મૂળ શબ્દ 'હઝબ' છે. ડીક્ષનરીમાં 'મોહઝઝબ'નો અર્થ છે સંસ્કારી, પવિત્ર, શિક્ષિત, કેળવણી યુક્ત, પાક અને કોઈપણ ક્ષતિ વગરના અને તે વ્યક્તિ કે જે બહેતરીન અખ્લાક અને સિફતોથી સુશોભિત છે. ખરેખર આ બધા ગુણો ઈમામે ઝમાના (અજ.) સાથે સુસંગત છે. આપ તે પાક અને પવિત્ર હસ્તી છે કે જે કિસાઅના અસ્હાબના જાનશીન છે જેમની પાકીઝગી અને પવિત્રતાનું એલાન ખુદાવંદે આલમે કુરઆને કરીમમાં કર્યું છે. (સુરએ અહઝાબ : ૩૩) આપ તે છો કે જેમના કેળવણી આપનાર પરવરદિગારે આલમ છે અને તે પવિત્ર હસ્તી કે જેમાં ન ક્યારેય પણ કોઈ ત્રૂટી હતી ન કોઈ ત્રૂટીનો અવકાશ છે.

બીજી સિફત કે જેની વાત આ વાક્યમાં કરવામાં આવી છે તે છે 'ખાએફ' એટલે કે અલ્લાહનો ડર રાખનાર. અરબી વ્યાકરણની દ્રષ્ટિએ 'ખાએફ' કર્તા વાચકનામ છે. જે 'ખવફ'થી બન્યુ છે. જેને ખાસ અર્થમાં 'અજવફે વાવી' કહે છે.

**(અ) ખુદાના ડરનું મહત્ત્વઃ**

કુરઆને મજીદ ઈમાન ધરાવનારાઓની સિફતો અને ખાસીયતો દર્શાવતા ફરમાવે છે.

*''તેઓ પોતાના પડખાને સુવાની પથારીથી ખાલી કરે છે. તેઓ પોતાના પરવરદિગારને ખૌફ અને આશાની હાલતમાં પોકારતા રહે છે, અને અમોએ તેમને જે કાંઈ આપ્યું છે તેમાંથી (અમારી રાહમાં) ખર્ચતા રહે છે.''*

(સુરએ સજદહ : ૧૬)

પરહેઝગારોના ઈમામ હઝરત અલી બીન અબી તાલિબ (અ.સ.) ફરમાવે છે.

*'એટલે કે ખુદાનો ડર ખુદાને ઓળખતા વ્યક્તિઓનું પહેરણ છે.'*

બીજા શબ્દોમાં તે લોકો કે જેઓ ખરેખર ખુદાની મઅરેફત ધરાવે છે અને તેની ભવ્યતા, કુદરત અને બુઝુર્ગીથી સારી પેઠે માહિતગાર છે તેઓ દરેક પળે, દરેક સમયે અને હંમેશા તેનાથી ડરશે અને ક્યારેય પણ તેની વિરૂદ્ધમાં અજુગતી વર્તણુંક કે અશોભનીય કામ નહિં કરે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે.

*'અલ્લાહની નજીક સૌથી વધુ ઉચ્ચ દરજ્જો એ લોકો ધરાવે છે જે તેનાથી સૌથી વધુ ડરે છે'*

(બેહારૂલ અન્વાર, ભાગ-૭૭, પા. નં. ૧૮૦, હદીસ નં. ૧૦)

**(બ) ડર પોતે અલ્લાહને ઓળખવાની નિશાની છેઃ**

મૌલાએ કાએનાતની ઉપર દર્શાવેલી હદીસોથી સ્પષ્ટ થાય છે કે ખૌફનો સંબંધ મઅરેફત અને ઈલ્મની સાથે છે. કુરઆને કરીમમાં ફરમાન છે.

*''અલ્લાહના બંદાઓમાંથી માત્ર જ્ઞાનિઓજ (અને મઅરેફત રાખનારાઓ) અલ્લાહથી ડરતા રહે છે;''* (સુરએ ફાતિર : ૨૮)

અલ્લાહ તરફ દઅવત આપનાર અને સેરાજે મોનીર હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે.

*'જે જેટલો ખુદાને ઓળખશે તેટલોજ ખુદાથી ડરશે.'*

(બેહારૂલ અન્વાર, ભાગ-૭૦, પાના નં. ૩૯૩, હદીસ નં. ૬૪)

બાકેરૂલ ઓલુમ હઝરત ઈમામ બાકિર (અ.સ.) ફરમાવે છે :

*'હિકમત દાઉદની ઔલાદમાં છે. અય આદમના પુત્ર! તારૂં દિલ સખત થઈ ચૂક્યું છે કારણકે તું અલ્લાહની ભવ્યતા અને બુઝુર્ગીને ભૂલી ચૂક્યો છો. અગર તું અલ્લાહનું ઈલ્મ અને તેની મહાનતાની મઅરેફત રાખતો હોત તો તું હર પળ તેનાથી ડરતો રહેત.'*

(આમાલી શેખ અબુ જઅફર તુસી, પા. નં.૨૦૩, હદીસ નં.૩૪૬)

## (ક) ડરનારની નિશાનીઓ :

ખુદાનો ડર રાખનારાઓની અમૂક નિશાનીઓ છે; કુરઆને મજીદમાં એલાને હક થાય છે.

*''અને જે પોતાના પરવરદિગારની હજૂરમાં ઉભા થવાથી ડર્યો હશે તથા નફસને મનોકામનાથી અટકાવતો રહ્યો હશે તો નિસંશય જન્નતજ તેનું ઠેકાણું હશે.''*

(સુરએ નાઝેઆત : ૪૦-૪૧)

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવે છે :

*'બેશક, અલ્લાહના અમૂક બંદાઓ એવા છે કે જેમના દિલો અલ્લાહના ડરથી ચૂરચૂર થઇ ચૂક્યા છે. જેના કારણે તેઓ વધુ વાત કરવાથી દૂર રહે છે. જ્યારે કે તેઓ ઉચ્ચ વક્તૃત્વ ધરાવનાર, સાહિત્યના નિષ્ણાંત, બુદ્ધિશાળી, શરીફ ખાનદાન ધરાવનાર છે. તેઓ પોતાના પાક અને પવિત્ર કાર્યો થકી ખુદાની તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. ખુદાની રાહમાં તેઓ પોતાના વધુ કાર્યોને પણ ઓછા સમજે છે અને તેઓ ઓછા આમાલ અને ઉણપથી નારાજ થઇ જાય છે. તેઓ પોતાને ખુદને લોકોમાં સૌથી હલ્કા ગણે છે જ્યારે કે તેઓ હોંશિયાર અને નેકી કરનારાઓ છે.'*

(બેહારૂલ અન્વાર, ભાગ - ૬૯, પાના નં. ૨૮૬, હ. ૨૧)

અગર આપણે આ હદીસ કે જે બાબે મદીનતુલ ઈલ્મના મુબારક મુખેથી આપણા સુધી પહોંચી છે તેની ઉપર વિચાર કરીએ તો આપણને જણાય આવશે કે આજે આપણા સમાજમાં આવા લોકોની કેટલી અછત છે કે જેમાં ખરેખર ખુદાનો ડર જોવા મળે. એવા લોકો કે જેઓ ખુદાના ડરથી મુંગા થઇ ગયા છે. તે વ્યક્તિઓ કે જે ખરેખર તો સુંદર વક્તૃત્વવાળા, સાહિત્યના નિષ્ણાંત, બુદ્ધિશાળી અને સમજદાર છે. તે લોકો કે જેઓ નેક કામોના શરીરો છે. તે લોકો કે જેઓ દિવસ અને રાત, સવાર અને સાંજ દીનની ખિદમત કરવા છતાં પોતાના આમાલને ખૂબજ ઓછા સમજે છે અને જ્યારે તેઓ કોઇ ખિદમત ખરેખર કોઇ કારણસર ન કરી શકે તો તેઓ પોતાના નફસથી નારાજ થઇ જાય છે અને પોતાની ટીકા કરે છે. હોંશિયાર અને કાર્યદક્ષ હોવા છતાં તેઓ પોતાની ગણતરી સૌથી હલ્કા બંદાઓમાં કરે છે! અલ્લાહો અકબર! આપણા મઅસુમ ઈમામો આપણી પાસેથી શું અપેક્ષા રાખે છે અને આપણો સમાજ કેવો થઇ ગયો છે!!!

## (ડ) જે અલ્લાહથી ડરે છે તેનાથી દરેક ચીઝો ડરે છે :

*અલ્લાહે પોતાના નેક બંદાઓ ઉપર જે મહેરબાનીઓ કરી છે તેમાંની એક એ છે કે તેણે પોતાના બીજા સર્જનોમાં પોતાના નેક બંદાઓનો રૂઆબ અને ડર નાખી દીધા છે. ખુદાવંદે આલમ પોતાની હિકમતભરી કિતાબમાં સ્પષ્ટપણે એલાન કરી રહ્યો છે કે ''અમે કાફીરો અને મુશ્રિકોના દિલોમાં મોઅમીનોનો ડર નાખી દીધો છે.''*

(જુઓ સુરએ આલે ઈમરાન : ૧૫૧, સુરએ અન્ફાલ : ૧૨)

સાદિકે આલે મોહમ્મદ હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે :

*'જે અલ્લાહથી ડરે છે અલ્લાહ દરેક ચીજને તેનાથી ડરાવે છે અને જે અલ્લાહથી નથી ડરતો તેને અલ્લાહ દરેક ચીજથી ડરાવે છે.'*

(અલ કાફી, ભાગ - ૨, પાના નં. ૬૮, હ. ૩)

બીજા શબ્દોમાં કહીએ તો આપણે ખુદા સિવાય બીજા કોઇથી ડરવું ન જોઇએ અને ન તો કોઇ બીજાના દરવાજે માથું નમાવવું જોઇએ. કારણકે શયતાનનું એક તરકટ એ છે કે તે અલ્લાહના નેક બંદાઓને દુનિયાની ચીજોથી ડરાવતો રહે છે. પરંતુ અલ્લાહના નેક બંદાઓ તેની આ છેતરપીંડીનો શિકાર થતા નથી.

ખુદાવંદે આલમે કુરઆને કરીમમાં આપણને ચેતવ્યા છે કે:

*''આ તો માત્ર શૈતાન છે, જે પોતાના મિત્રોથી તમને ડરાવ્યા કરે છે. માટે અગર તમે મોઅમીન હો તો તેમનાથી ડરો નહિં, કેવળ મારાથીજ ડરતા રહો.''*

(સુરએ આલે ઈમરાન : ૧૭૫)

ડરના અનેક પ્રકારો છે. જેવા કે ખશીયા, વજલે રહબા, હયબત. જે વાંચકો તેની વિગત જાણવા માંગતા હોય તેમણે કિતાબુલ ખેસાલ, (લેખક : મરહુમ શૈખ સદુક અ.ર.) પા. ૨૮૧ બેહારૂલ અન્વાર, (લેખક અલ્લામા

મજલીસી અ.ર.) ભાગ - ૭૦, હ. ૩૨૩, પ્રકરણ : ૫૯, પ્રકરણ અલ ખવ્ફ વરરેજા અને ભાગ - ૬૯, હિકાયાતુલ ખાએફીન)

આ ચર્ચાના બીજા પણ ઘણાં પ્રકરણો છે. પરંતુ ટૂંકાણને દ્રષ્ટિ સમક્ષ રાખીને ડરની ચર્ચાને અહિંજ પૂરી કરીએ છીએ.

## (૫) 'સલામ થાય આપ ઉપર અય સરપરસ્ત, અય નસીહત કરનાર'.

આ વાક્યમાં ઈમામે ઝમાના (અજ.)ને બે લકબોથી યાદ કરવામાં આવ્યા છે. એક 'વલી' અને બીજું 'નાસેહ'.

'વલી' અરબી ભાષામાં ભાગ્યેજ કોઇ શબ્દ આટલો વિશાળ અર્થ ધરાવતો હશે. ઈદે ગદીરના ખાસ અંકમાં અમે શબ્દ 'મૌલા' (જેનું મૂળરૂપ 'વલી' છે) ઉપર વિસ્તૃત ચર્ચા કરી ચૂક્યા છીએ. 'વલી' અરબીમાં ફઇલના વજન ઉપર છે. જે સીગએ મોબાલેગાહ છે. આ અલ્લાહ તઆલાના નામોમાંથી એક નામ છે. 'વલી'નો અર્થ થાય છે જેને બાબતોનો અધિકાર સોંપવામાં આવ્યો છે તે સરપરસ્ત, માલિક, મેનેજર, શક્તિ ધરાવનાર, અમીર, સુલતાન, મુખ્ય અધિકારી વિગેરે છે. અરબીના સાહિત્યકારો જેવા કે ઇબ્ને મન્ઝુર, ઇબ્ને અસીર, ઇબ્ને સીક્કીત, સીબુવીયા, દરેકે તેના ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે. અગર આપણે આ અર્થની ઉપર વિચાર કરીએ તો બધા અર્થો એક હકીકત તરફ ઈશારો કરે છે. અર્થાત એ ઝાત કે જે સંપૂર્ણ અધિકાર અને વહીવટ કરવાનો હક ધરાવે છે. ખરેખર ઇમામે ઝમાના (અજ.)ની પવિત્ર હસ્તી આ બધા ગુણોથી સર્વ સંપન્ન છે.

'નાસેહ' કર્તા છે. અર્થાત નસીહત કરનાર. આ વાક્યમાં આપણા ઇમામને આ સદ્‌ગુણથી યાદ કરવામાં આવ્યા છે. પવિત્ર ઇસ્લામમાં નસીહત અને હિદાયતની ઘણી તાકીદ કરવામાં આવી છે.

## (૧) નસીહતનું મહત્ત્વ :

પયગમ્બે ઇસ્લામ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

*'ખુદાની નજીક સૌથી વધુ ઉચ્ચ સ્થાન અને મરતબો એ માણસ ધરાવે છે કે જે ખુદાના બંદાઓને નસીહત કરવામાં સૌથી વધુ પ્રયત્નશીલ હોય છે.'*

(અલ કાફી, ભાગ - ૨, પાના નં. ૨૦૮, હ. ૫)

નસીહત કરવાથી એક બીજા સાથેની મોહબ્બતમાં વધારો થાય છે. કારણકે દરેક મોઅમીન બીજા મોઅમીનનો ઈમાનની દ્રષ્ટિએ ભાઇ છે. તેથી દરેકની ફરજ છે કે પોતાના ભાઇને નસીહત અને હિદાયત કરતો રહે. નસીહતનો પાયો જ મોહબ્બત છે. જે ઈર્ષાળુ હશે તે ક્યારેય પણ બીજાને સારી નસીહત નહિં કરે અને કોઇનું ભલું નહિં ઇચ્છે.

## (૨) નસીહત કરનારની નિશાનીઓ :

પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

*'નસીહત કરનાર અને શુભેચ્છકની ચાર નિશાનીઓ છે.*

*(૧) તે જ્યારે પણ ફેંસલો કરે છે ત્યારે સચ્ચાઈની સાથે હોય છે.*

*(૨) પોતાના તરફથી બીજાને હક આપે છે.*

*(૩) જે પોતાના માટે ઇચ્છે છે એજ બીજા માટે પણ ઇચ્છે છે.*

*(૪) કોઇના ઉપર વધારે મહેરબાન અને કોઇના હકને ઓળવી જતો નથી.'*

(તોહફુલ ઓકુલ, લેખક : ઇબ્ને શોએબ હર્રાની, પાના નં. ૨૦)

ખરેખર આજે આપણા ઝમાનાના ઇમામ (અજ.)થી વધીને આપણને કોઇ નસીહત કરનાર અને મદદ કરનાર મળી શકતા નથી. આપ (અ.સ.) આપણી મદદ કરે છે. તેથી આપણી જવાબદારી એ છે કે આપણે તેમની નસીહતોને કબુલ કરીએ અને તેમને અનુસરીએ. એવું ન બને કે આપણે આ આયતના સમાનાર્થી બની જઇએ.

*''અગર અલ્લાહ તમને ગુમરાહીના રસ્તા પર છોડી દે તો પછી હું તમને નસીહત આપવા ચાહું તો પણ મારી નસીહત તમને કાંઇ લાભ પહોંચાડશે નહિં.''*

(સુરએ હુદ : ૩૪)

*શક્ય છે કે અમૂક લોકોના મનમાં એવો સવાલ પૈદા થાય કે ઇમામ (અ.સ.) ગયબતમાં રહીને કેવી રીતે નસીહત કરી શકે? તો તેનો એજ જવાબ*

*છે જે એ સવાલનો છે કે ગાએબ ઈમામનો શું ફાયદો છે? પરંતુ એક વાત ધ્યાનમાં રહે કે ગયબત આપણી તરફથી છે ઈમામ (અ.સ.)ની તરફથી નથી. જેમકે ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)એ ફરમાવ્યું કેઃ*

*ગયબતે કુબરામાં અમૂક એવા મુખ્લીસ લોકો હશે જેનો અકીદો એટલો મજબુત હશે કે તેઓ માટે ગયબત દેખાવા બરાબર હશે. આજ સાચા મોમીન છે અને અમારા સાચા શીઆ છે. આ એ વ્યક્તિઓ છે જે લોકોને ખુદાના દીનની તરફ દા'વત આપે છે જાહેરી રીતે અને ખામોશીથી પણ.'*

આવો આપણે સૌ સાથે મળીને દોઆ કરીએ કે અલ્લાહ તઆલા આપણને સૌને આ તૌફીક આપે અને આપણો સમાવેશ આ વ્યક્તિઓમાં થાય. (ક્રમશઃ)

* * * * *

અનુસંધાન પાના નં. ૫થી આગળ

*બચાવી રાખશે.'*

*મૌલા અલી (અ.સ.) ફરમાવે છે કે 'દરેક માણસનો અમલ તેની બહાદુરીની હિંમતના મૂલ્યો સાથે માપ-તોલ કરવામાં આવશે. જ્યારે અલ્લાહનો ડર પૈદા થઈ જાય છે ત્યારે કોઈનો ડર બાકી રહેતો નથી અને નજાત અને કામ્યાબીના માર્ગ અને માનવ જીવનની બહેતરી માટે ઈમામ (અ.સ.)ની મોહબ્બતના દિપકને પ્રકાશિત રાખે છે.'*

તેથી તૈયારી માટે, એડી ઉપર ઉભા રહી તૈયાર રહેવા માટે ઈમામ (અ.સ.)ની નુસ્રત અને મદદના જઝબાને જીવંત રાખવા માટે આપણે પ્રયત્નશીલ રહેવું જોઈએ. પછી જુઓ, કેવી રીતે માનવી માટી પગો હોવા છતાં આસમાનોના માર્ગોને સર કરે છે.

અય કાશ..... અય કાશ...... અય કાશ.....!!! અલ્લાહની રહેમત વરસે અને આપણા અસ્તિત્વની માટી નરમ થાય, એટલા માટે કે અગર આપણે જો નરમ હોઈએ તો આ માટી ઘણી અમૂલ્ય છે. સાકી અને આપણા મહેબુબ ઈમામના ઈશારાઓ આપણને દેખાવા લાગશે.

* * * * *

અનુસંધાન પાના નં. ૨૮થી આગળ

*'અઝાબથી મુરાદ કાએમ (અ.સ.) છે જે તેમના દુશ્મનો માટે અઝાબ સમાન છે અને 'ઉમ્મતુન મઅદુદહ' તે લોકો છે જેઓ તેમની સાથે રહીને જેહાદ કરશે અને તેઓની સંખ્યા જંગે બદ્રમાં ભાગ લેનાર વ્યક્તિઓ જેટલી હશે.'*

(તાવીલુલ આયાત, ભાગ - ૧, પાના નં. ૨૨૩, હ. ૩, અલ બુરહાન, ભાગ - ૨, પાના નં. ૨૦૯, હ. ૮)

ઉપરોક્ત હદીસો ઉપરથી નીચે મુજબના મુદ્દા સામે આવે છે.

૧. ઈમામ મહદી (અ.સ.) અને તેમના સાથીદારો દુનિયામાં અદ્‌લ અને ઈન્સાફ સ્થાપિત કરશે જ્યારે તે સમયે દુનિયા ઝુલ્મથી ભરાએલી હશે. પરંતુ તેઓની સંખ્યા ફક્ત ત્રણસોથી થોડી વધારે હશે. આ સંખ્યા દર્શાવી રહી છે કે તે ઝમાનામાં મોઅમીનોની અછત હશે.

૨. સમગ્ર દુનિયામાં ફેલાએલા હોવા છતાં પણ આ ત્રણસો તેર વ્યક્તિઓ મોઅજીઝાથી રાતો રાત અથવા થોડી પળોમાં લશ્કર સ્વરૂપે હઝરત ઈમામ મહદી (અ.સ.) માટે તૈયાર થઈ જશે.

૩. આ લશ્કરનું ઉદાહરણ વરસાદના વાદળોનું આપવામાં આવ્યું છે. જે વરસે છે ત્યારે સુકી અને નિર્જીવ જમીનને નવજીવન બક્ષે છે અને બીજી તરફ એટલો કહેર પણ વરસાવે છે કે નીચાણવાળા લોકો તેના પાણીમાં ડૂબી જાય છે.

૪. ઈમામ કાએમ (અ.સ.) માટે કુરઆનમાં 'અઝાબ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે કે તેઓ તેમના દુશ્મનો માટે 'અઝાબ' હશે. આ કદાચ એટલા માટે છે કે મુનાફિકો અને મુશ્રિકોની મોહલત ખતમ થઈ ચૂકી હશે.

કુરઆન અને હદીસોમાં આ મોહતરમ વ્યક્તિઓની ખૂબીઓ અને કરામતો વિગતવાર દર્શાવવામાં આવી છે. અહિં એ બધી બાબતોનો ઉલ્લેખ કરવો શક્ય નથી.

અંતમાં માત્ર એ દોઆ છે કે અલ્લાહ આપણને પણ એ ખુશબખ્તી બક્ષે કે આપણે તે સાથીદારોના ગુલામોમાં જોડાઈ જઈએ અને આ રીતે અલ્લાહની અંતિમ હુજ્જતની મદદ કરી શકીએ. ઈલાહી આમીન.

* * * * *

# કિતાબુલ ગયબહ અથવા આલે મોહમ્મદ (અ.સ.)ના રહસ્યો

ઈલ્મી દુનિયામાં સૌથી વધુ ઉપયોગી વારસો કિતાબુલ ગયબહ છે. આ કિતાબનો વિષય ઈમામત છે. જે આપણા અકીદાના વિષયોનો સૌથી મહત્ત્વનો હિસ્સો છે.

આ કિંમતી ખજાના (કિતાબુલ ગયબહ)નું નામ નિશાન લગભગ ખત્મ થઇ ચૂક્યું હતું પરંતુ તેની પ્રત મૌજુદ હતી. લખાણમાં ભૂલોના કારણે તેને સમજવામાં ગુંચવડાઓ ઉભા થયા હતા. આ ખામીઓ ઉપર આલિમે આમિલ અને મોઅલ્લીમ અને આરાસ્તા મરહુમ મૌલાના રીઝાનવુલ્લાની નજર હતી. તેમણે આશરે ત્રીસ વરસ પહેલા આ ખામીઓને દૂર કરવા અને કિતાબના પ્રકાશન માટે પગલાં લીધા હતા.

## લેખકનો ટૂંકો પરિચય :

આ ટૂંકી પ્રસ્તાવના પછી લેખકનો ટૂંકો પરિચય રજુ કરીએ છીએ.

| | |
|---|---|
| કિતાબનું નામ | : કિતાબુલ ગયબહ |
| લેખકનું નામ | : મોહમ્મદ બીન ઈબ્રાહીમ બીન જઅફર |
| લેખકની કુન્નિયત | : અબુ અબ્દુલ્લાહ |
| લેખકનો લકબ | : અલ કાતેબુલ નોઅમાની |
| લેખકની ઓળખ | : ઈબ્ને અબી ઝયનબ |

ચોથી સદી હિજરીના શરૂઆતના શીઆ હદીસકારોની યાદીમાં તેમનું નામ ટોચ ઉપર છે. કુતુબે અરબાઅની યાદીમાં સર્વશ્રેષ્ઠ કિતાબ 'અલ કાફી'ના સંપાદક સેકતુલ ઇલ્મ શેખ મોહમ્મદ બીન યઅકુબ બિન ઈસ્હાક કુલયની (ર.અ.)ના શાગીર્દ હતા. તેમની પાસેથી જ તેમણે હદીસની તાલીમ મેળવી અને તેમના ઉસ્તાદ (શેખ કુલયની)ના કાતિબ (લખનારા) બન્યા. એટલાજ માટે આ લકબથી નામના મેળવી.

ગયબતે નોઅમાનીના નામથી મશ્હુર કિતાબે ગયબત ૨૬ પ્રકરણોમાં લખાએલી છે. આ કિતાબના ૩૩૨ પાના છે જે મકતબુલ સદ્દુક, તહેરાન, બાઝાર મસ્જીદે સુલતાનીથી પ્રગટ થઇ છે. પ્રકાશનની તારીખ લખવામાં આવી નથી. પરંતુ સન ૧૩૯૮ હિજરી છે.

## પહેલું પ્રકરણ :

આ પ્રકરણમાં ૫૨ રિવાયતો છે જેમાં આલે મોહમ્મદ (અ.સ.)ના રહસ્યોને તે લોકોથી સુરક્ષિત રાખવાની વાત કરી છે જે તેને લાયક નથી. ઉદાહરણ રૂપે 'મોઅતઝેલા' (એક ફીરકો છે) જે અમીરૂલ મોઅમેનીનની શ્રેષ્ઠતા, સદ્ગુણો અને ખૂબીઓને સ્વિકારે છે પરંતુ અપૂર્ણને પૂર્ણતા કરતા ખાસ અગ્રતાવાળુ સમજે છે.

*''તે કે જે સત્ય સુધી પહોંચાડી દે તે તેનો વધુ હકદાર છે કે તેની તાબેદારી કરવામાં આવે અથવા તે કે જેને કોઇ બીજો માર્ગ દેખાડે નહિં ત્યાં સુધી તેને કોઈ માર્ગ જડે નહિં? છતાં તેમને શું થઈ ગયું છે, કેવો ન્યાય કરો છો?''*

(સુરએ યુનુસ : ૩૫)

ઈસ્લામના બીજા ફીરકાવાળા 'મોઅતઝેલા' હોય કે 'અશાએરા' હોય કે પછી બીજા નાસેબી એહલેબૈત (અ.સ.)ના દુશ્મનો હોય, તેઓની આંખો ફૂટેલી છે. તેઓ હક અને બાતિલના ભેદભાવ જાણતા નથી. તેવી જ રીતે શીઆઓમાં પણ એવા લોકો જોવા મળે છે જે આલે મોહમ્મદ (અ.સ.)ના ભેદોને સમજવાની લાયકાત અને શક્તિ ધરાવતા નથી. તેથી આવા લોકોની સામે તે રહસ્યોને ક્યારેય બયાન ન કરવા જોઇએ, નહિં તો તે લોકો ખુદા, રસુલ અને ઈમામોને પણ ખોટા પાડશે.

ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

*'અમૂક લોકો મને પોતાના ઈમામ હોવાની કલ્પના કરે છે. ખુદાની કસમ હું તેઓના ઈમામ નથી. ખુદા તેઓના ઉપર લાઅનત કરે કારણકે જે વાતોને હું છુપાવું છું તે તેઓ જાહેર કરી દે છે. હું 'આ' અને 'તે' કહું છું. તે કહે છે કે તેમનો*

*(ઈમામનો) મતલબ યકીનથી ફલાણો માણસ છે અને એજ છે.'*

વધુમાં તેઓ ફરમાવે છે.

*'હું માત્ર તેઓનો ઈમામ છું જે મારી તાબેદારી કરે છે.'*

(હદીસ નં. ૮)

## પ્રકરણ બીજું :

*''તમે સૌ એક સાથે અલ્લાહની રસ્સી (દોરી)ને મજબુતીથી પકડી રાખો અને આપસમાં ફાટફૂટ ન પાડો''.*

બીજા પ્રકરણમાં આ આયતની તફસીર છે.

રાવીએ પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ને સવાલ કર્યો:

અય અલ્લાહના રસુલ! મેં સાંભળ્યું છે કે અલ્લાહ અઝઝ વ જલ્લે તેની કિતાબમાં ફરમાવ્યું : 'અલ્લાહની રસ્સીને મજબુતીથી પકડી રાખો...' તો આ રસ્સી શું છે જેની સાથે જોડાએલા રહેવાનું કહેવામાં આવ્યું છે અને કઈ ફાટફૂટથી બચવા માટે કહેવામાં આવ્યું. આપ માથું નીચે નમાવીને થોડીવાર ચૂપ રહ્યા પછી માથું ઉંચું કર્યું અને હાથથી અલી (અ.સ.) તરફ ઈશારો કર્યો અને ફરમાવ્યું :

*'આ અલ્લાહની રસ્સી છે. જે તેમને પકડી લેશે તે દુનિયામાં સલામત હશે અને આખરેતમાં ક્યારેય ગુમરાહ ન થશે. (એટલે કે આખેરતમાં પણ સલામત રહેશે.)'*

## ત્રીજું પ્રકરણ :

ઈમામત અને ખિલાફતના બારામાં આવેલી રિવાયતોની નોંધ આ પ્રકરણમાં કરવામાં આવી છે. ઈમામતનો હોદ્દો અને પોતાના પછી ઈમામને વારસદાર બનાવવા, આ બંને કામ અલ્લાહના ઈખ્તેયારમાં છે.

ઈમામ સાદિક (અ.સ.) સામે આશરે ૨૦ વ્યક્તિઓ હાજર હતી ત્યારે ઈમામે ફરમાવ્યું :

*'કદાચ તમે એવું વિચારતા હશો કે ઈમામત માટે વારસદાર નક્કી કરવા તે અમારા ખાનદાનની કોઈ વ્યક્તિના અખત્યારમાં છે કે જેને ચાહે તેને ઈમામ બનાવી દે. ખુદાની કસમ! (એવું નથી) બલ્કે આ એક કૌલ અને કરાર છે. જે ખુદાની તરફથી રસુલ (સ.અ.વ.) ઉપર ઉતર્યો છે. જેમાં દરેક વ્યક્તિ (ઈમામ)નું નામ ક્રમાનુસાર લખાએલું છે.'*

(હ. ૧)

## ચોથું પ્રકરણઃ

આ પ્રકરણમાં હદીસો લખાએલી છે કે ઈમામ બાર થશે અને તે ખુદાની તરફથી નક્કી થશે.

*હઝરત જીબ્રઈલ (અ.સ.)એ પયગમ્બર (સ.અ.વ.)ને અરજ કરીઃ અય મોહમ્મદ ખુદાએ અઝઝો વ જલ્લે આપને હુકમ આપ્યો છે કે ફાતેમા (સ.અ.)ના લગ્ન અલી (અ.સ.) સાથે કરી દો. પછી આપે ખુદાના હુકમ પર અમલ કર્યો.'*

## પાંચમું પ્રકરણ :

આ પ્રકરણમાં એવી હદીસોની નોંધ કરવામાં આવી છે જેમાં ઈમામતના મુદ્દાઓ અને જે લોકો એ સાચા ઈમામને છોડીને બીજાને પોતાના ઈમામ બનાવ્યા છે તેઓની ટીકા કરવામાં આવી છે. ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

*'ત્રણ પ્રકારના લોકો હશે. જેઓની સાથે ખુદા કયામતના દિવસે વાત નહિં કરે અને ન તો તેઓને પાક ગણશે. તે લોકો માટે દુઃખ દાયક શિક્ષા નક્કી કરવામાં આવી છે. તે લોકો જે ખુદ પોતાને ખુદાની તરફથી ઈમામતનો હોદ્દો મળ્યો હોવાનો દાવો કરશે. બીજો સમૂહ એ છે કે જે ખુદાની તરફથી નિમણુંક પામેલા ઈમામને નકારી કાઢશે. ત્રીજો સમૂહ એ છે કે જે એવી ધારણા કરે છે કે (ઉપરોક્ત બે સમૂહ માટે) ઈસ્લામમાં કંઈક હિસ્સો છે.' (અર્થાત આ બંને સમૂહો થકી ઈસ્લામને કોઈ લાભ થશે.)*

(હ. ૩)

## છઠ્ઠું પ્રકરણ :

આ પ્રકરણમાં પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ના વારસદારોની સંખ્યાના સિલસિલામાં એ હદીસો છે જે જાણીતા અને મશહૂર આલીમોએ તેમની કિતાબોમાં મોટા અસ્હાબોના હવાલાથી નકલ કરી છે. તે હદીસોના લેખકે

આ પ્રકરણમાં ઉલ્લેખ કર્યો છે.

મસરૂક કહે છે કે અમે લોકો ઇબ્ન મસ્ઉદની પાસે હતા. એક માણસે તેમને કહ્યું : શું તમારા પયગમ્બર (સ.અ.વ.)એ જાણ કરી છે કે તેમના પછી તેમના કેટલા વારસદાર હશે? તેમણે કહ્યું : હા, તમારી પહેલા કોઇએ મને આ સવાલ નથી કર્યો. અલબત્ત, તમે વયમાં તેઓના કરતા બધાથી જુવાન છો. મેં આં હઝરત (સ.અ.વ.)ને કહેતા સાંભળ્યા છે.

*'મારા પછી મુસા (અ.સ.)ના નોકબાઅની સંખ્યામાં મારા વારસદારો હશે.'*

(હદીસ નં. ૧)

આજ રીતે બીજી હદીસમાં છે :

*'બાર વ્યક્તિઓ નોકબાએ બની ઇસરાઇલની સંખ્યાની બરાબર હશે.'*

(હદીસ નં. ૩)

આવી જ રીતે અનસ બીન માલિક, જાબીર બીન સમરહુસ્સવાઇ, અબુ હોઝયફા, સમરત બીન જુન્દબ અને અબ્દુલ્લાહ બીન ઉમર બીન અલ આસ વિગેરેથી રિવાયતોની નોંધ કરી છે.

## સાતમું પ્રકરણ :

જે વ્યક્તિ કોઇ પણ એક ઇમામના બારામાં શંકા કરે અને એજ સ્થિતિમાં રાત પસાર કરી દે અને દિવસ ઉગી જાય અને પોતાના ઇમામને ન ઓળખે તો તેનું મોત અજ્ઞાનતાનું મોત હશે. એવીજ રીતે જે વ્યક્તિ ઇમામનો સ્વિકાર કર્યા વગર દીને ખુદાને કબુલ કરે તો ખુદા તેના આમાલ કબુલ નહિં કરે. ઇમામ બાકિર (અ.સ.) ફરમાવે છે.

*'જે કોઇ અલ્લાહની ઇબાદત કરે અને તેમાં પોતે ખૂબજ ઝહેમત ઉઠાવે પરંતુ તે અલ્લાહ તઆલા તરફથી નિમાએલા ઇમામને નથી માનતો તો તેના આમાલ કબુલીય્યતને પાત્ર નથી અને તે ગુમરાહ અને ગુંચવાઇ ગએલો છે.'*

(હદીસ નં. ૧)

આ પ્રકરણની હદીસો ઉપર અલ - મુન્તઝરના જુદા જુદા અંકોમાં અને એસોસીએશનના અન્ય પ્રકાશનોમાં ભરપૂર પ્રકાશ પાડવામાં આવ્યો છે. વાંચકો તેનો વધારે અભ્યાસ કરી શકે છે.

## આઠમું પ્રકરણ :

દુનિયા ખુદાની હુજ્જતથી ક્યારેય ખાલી નહિં થાય.

## નવમું પ્રકરણ :

જો દુનિયાના પટ ઉપર માત્ર બે માણસો બાકી રહી જશે તો તેમાંના એક હુજ્જતે ખુદા હશે. આ પ્રકારની રિવાયતો નવમાં પ્રકરણમાં જોવા મળે છે.

## દસમું પ્રકરણ :

બારમાં ઇમામ, ઇમામે મુન્તઝરની ગયબતના સિલસિલામાં અને ગયબતમાં ગુમરાહ કરનારાઓથી સાવચેત રહેવા માટે હઝરત અલી (અ.સ.)ના કથનોની નોંધ કરવામાં આવી છે. આ ખૂબજ વિસ્તૃત પ્રકરણ છે અને તેમાં ઘણા બધા પેટા પ્રકરણો પણ છે. પાના નં. ૧૪૦થી લઇને પાના નં. ૧૯૪ સુધી ૫૪ પાનાઓ ઉપર ગયબતના વિવિધ પાસાઓ ઉપર હદીસોની નોંધ કરવામાં આવી છે. સંશોધક અલી અકબર ગફ્ફારીએ મહાન આલીમોના દ્રષ્ટિકોણોની નોંધ કરીને આ પ્રકરણને ચાર ચાંદ લગાવી દીધા છે.

આપણે માત્ર એક હદીસ ઉપર સંતોષ માનીશું.

*'ફરાત બીન અહનફે ઇમામ સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે અને આપ (અ.સ.)એ પોતાના પૂર્વજો થકી નોંધ કરી છે કે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની ખિલાફતના ઝમાનામાં ફુરાતનું પાણી ચઢી ગયું. તે પછી આપ તથા આપના બંને ફરઝંદો ઇમામ હસન (અ.સ.) અને ઇમામ હુસૈન (અ.સ.) ઘોડા ઉપર સવાર થયા. જ્યારે આપ તાએફાએ સકીફા પાસેથી પસાર થયા ત્યારે તે લોકોએ કહ્યું કે અલી (અ.સ.) આવ્યા છે અને આપણને પાણીના ભયથી રક્ષણ આપશે. પછી અલી (અ.સ.)એ ફરમાવ્યું. 'ખુદાની કસમ! હું અને મારા આ બંને પુત્રોને શહીદ કરવામાં આવશે અને એ વાતમાં શંકા નથી કે ખુદા મારી નસ્લમાંથી એક પુત્રને આખર ઝમાનામાં ઉઠાડશે. જે અમારા ખુનનો બદલો લેશે. ખરેખર લોકોની નજરોથી*

*તેઓ એટલા માટે ગાએબ થશે કે ગયબતના ઝમાનામાં ગુમરાહ લોકો તેમને ઓળખી ન લે. ત્યાં સુધી કે જાહીલ અને નાદાન કહેશે, ખુદાને આલે મોહમ્મદની જરૂર નથી.'*

(હદીસ નં. ૧)

પાંચમાં પેટા પ્રકરણમાં બીજા મઅસુમોની હદીસોની નોંધ કરવામાં આવી છે. અહિં અમે એક હદીસ ટાંકીએ છીએ. જેમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે હઝરત મહદી (અ.સ.)ની ગયબત ઉપર કેવા લોકોનું ઇમાન હશે?

ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

*'જ્યારે કાએમ (અ.સ.) કયામ કરશે ત્યારે લોકો તેમનો ઇન્કાર કરશે. કારણકે તેઓ એક નવયુવાનના સ્વરૂપે તેઓની સામે આવશે. સિવાય તે લોકોના કે જેઓની પાસેથી ખુદાવંદે આલમે રૂહોની દુનિયામાં તેમની પાસેથી કરાર અને વાયદો લીધા છે તેઓ સિવાય કોઇ અડગ નહિં રહે.'*

(પેટા પ્રકરણ : ૫, હદીસ નં. : ૪૩)

## અગિયારમું પ્રકરણ :

એવી હદીસો જેમાં એહલેબૈત (અ.સ.)ના શીઆઓને ગયબતના ઝમાનામાં ધીરજની સાથે ઝુહુરનો ઇન્તેઝાર કરવાની નસીહત કરવામાં આવી છે.

રાવીએ ઇમામ બાકીર (અ.સ.)ને આ આયત વિષે પુછયું :

''ઇસ્બેરૂ વ સાબેરૂ વ રાબેતુ''

*તો ઇમામ બાકિર (અ.સ.)એ ફરમાવ્યું : 'સબ્ર કરો અલ્લાહની વાજીબાત અદા કરવામાં અને દુશ્મનોના મુકાબલામાં ધીરજ અને સબ્ર વડે કામ લો. અને પોતાના ઇમામના બારામાં હોશિયાર રહો.' (અર્થાત, ઇન્તેઝાર થકી તેમની સાથેનો તમારો સંપર્ક ચાલુ રાખો.)*

## બારમું પ્રકરણ :

ગયબતે કુબરામાં શીઆઓ વચ્ચે મતભેદ અને તેઓની કસોટી અને પરીક્ષા કરવા અંગેની હદીસોની નોંધ કરવામાં આવી છે. નમુના રૂપે એક હદીસ રજુ કરીએ છીએ.

ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

*'તે અમ્ર જાહેર નહિં થાય (ઝુહુર નહિં થાય) ત્યાં સુધી કે તમારામાંથી અમુક લોકો અમૂક લોકો ઉપર થૂંકી ન લ્યે અને એક બીજા ઉપર લઅનત ન કરી લ્યે. તેમજ ત્યાં સુધી કે તમારામાંથી અમૂક લોકો એકબીજાને જુઠ્ઠા ન કહી લ્યે.'*

## તેરમું પ્રકરણ :

આ પ્રકરણમાં ઇમામ મહદી (અ.સ.)ના સદ્‌ગુણો અને રિતભાતને કુરઆન અને હદીસોના પ્રકાશમાં બયાન કરવામાં આવ્યા છે.

આજ પ્રકરણમાં જનાબ નરજીસ ખાતૂન (સ.અ.)ની ખૂબીઓ પણ દર્શાવવામાં આવી છે. ઇમામે ઝમાના (અ.સ.)ની કાર્ય પદ્ધતિ તેમના ચૂકાદાઓની રીત, એવી નિશાનીઓ જેના થકી ઇમામ (અ.સ.)ને ઓળખવામાં આવશે. તેમનો પહેરવેશ શું હશે? તેમની સાથે રહેવાવાળા સિપાહીઓ અને સવારોની સ્થિતિ કેવી હશે? આ બધા વિષયો ઉપર રિવાયતોની નોંધ કરવામાં આવી છે.

## ચૌદમું પ્રકરણ :

ઇમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા અમૂક નિશાનીઓ જાહેર થશે અને તે પછી ઇમામ (અ.સ.)નો ઝુહુર થશે.

નોંધ : અહિં માત્ર એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે આપણે નિશાનીઓનો ઇન્તેઝાર નથી કરી રહ્યા બલ્કે ઇમામ મહદી (અ.સ.)નો ઇન્તેઝાર કરી રહ્યા છીએ. એ પણ યાદ રાખવું જરૂરી છે કે ઇમામે ઝમાના (અ.સ.)નો ઝુહુર કોઇપણ સ્થિતિ અને સંજોગોમાં થઇને રહેશે. તેમાં કોઇપણ પ્રકારની બદાઅ (ફેરફાર) થઇ શકશે નહિં. જે રીતે કયામતનું આવવું નિશ્ચિત છે તેવીજ રીતે ઇમામ મહદી (અ.સ.)નો ઝુહુર થવો પણ નિશ્ચિત છે. અલબત્ત નિશાનીઓમાં બદાઅ (ફેરફાર) થઇ શકે છે. એટલા માટે જ આપણે કોઇપણ નિશાની જાહેર થયા વગર જ ઝુહુરની દોઆ કરીએ છીએ અને હંમેશા ઝુહુરની દોઆ કરતા રહેવી તે એ વાતની દલીલ છે કે હઝરતનો ઝુહુર કોઇપણ સમયે થઇ શકે છે.

## પંદરમું પ્રકરણ :

આ રિવાયતોમાં ઝુહુરની પહેલા આવનારી તકલીફો અને મુસીબતોની તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

મુફઝઝલ બીન ઉમર કહે છે કે અમે લોકો ઇમામ સાદિક (અ.સ.)ની ખિદમતમાં હતા અને હઝરત કાએમ (અ.સ.)ની ચર્ચા થઇ રહી હતી. મેં કહ્યું કે હું ઉમ્મીદ રાખું છું કે તેમનું કામ (ઝુહુર) સહેલાઇથી પુરૂં થશે. તેથી હઝરત (અ.સ.)એ ફરમાવ્યું

*'તે અમ્ર (ઝુહુર) નહિં થાય જ્યાં સુધી કે (સખત મુશ્કેલીઓ એટલી હદે પહોંચી જશે કે તમે જામી ગએલા લોહી અને પસીનાને સાફ કરશો. (એ માર્ગમાં મુસીબતો એટલી વધુ હશે કે જેના કારણે માનવીનું લોહી જામી જશે અને હાડકાઓમાંથી માંસ નીકળી જશે. અર્થાંત, બનાવો સંપૂર્ણ રીતે ઘેરી લેશે.)'*

(હદીસ નં. ૩)

## સોળમું પ્રકરણ :

આ પ્રકરણમાં ઝુહુરનો સમય નક્કી કરવા બાબત મનાઇ કરવામાં આવેલી હદીસોને રજુ કરવામાં આવી છે. મોહમ્મદ બીન મુસ્લીમ કહે છે. ઇમામ સાદિક (અ.સ.)એ ફરમાવ્યું :

*'અય મોહમ્મદ! જે કોઇપણ અમારા તરફથી ઝુહુરનો સમય જાહેર કરે તો તમે તેને ખોટા પાડવામાં જરાપણ ડરશો નહિં. કારણકે અમે કોઇની સાથે (કાએમના (અ.સ.) ઝુહુરનો) સમય નક્કી નથી કર્યો.'*

(હદીસ નં. ૩)

## સત્તરમું પ્રકરણ :

આ પ્રકરણમાં નાદાન અને જાહીલ લોકોના કરતૂતોથી ઇમામ મહદી (અ.સ.)ના ઝુહુર પછી જે ઇજાઓ પહોંચશે તે હદીસોની નોંધ કરવામાં આવી છે. ઇમામ સાદિક (અ.સ.)એ ફરમાવ્યું :

*'જ્યારે અમારા કાએમ (અ.સ.) કયામ કરશે ત્યારે તેમને લોકોની નાદાની અને જેહાલતનો સામનો કરવો પડશે. જે ઇજાઓ પયગમ્બર (સ.અ.વ.)ને અજ્ઞાનતાના ઝમાનામાં પહોંચાડવામાં આવી હતી તેના કરતા આ ઇજાઓ વધુ સખત હશે.'*

મેં પુછયું કે આ કેવી રીતે શક્ય છે? આપે ફરમાવ્યું :

*'ખરેખર રસુલ (સ.અ.વ.) એવી પરિસ્થિતિમાં લોકોની સામે આવ્યા કે જ્યારે લોકો પથ્થરો, પર્વતો અને લાકડીઓમાંથી કોતરેલી મૂર્તિઓ અને બુતોની પૂજા કરતા હતા. જ્યારે અમારા કાએમ કયામ કરશે અને લોકોની સામે આવશે ત્યારે લોકો ખુદાની કિતાબનું સંપૂર્ણ રીતે તેમની વિરૂદ્ધ અર્થઘટન કરશે અને તે હઝરત (અ.સ.) સાથે (એજ અર્થઘટન) દ્વારા ચર્ચા કરશે.'*

પછી હઝરત ઇમામ સાદિક (અ.સ.)એ ફરમાવ્યું :

*'જાણી લો! ખુદાની કસમ! તેમનો ન્યાય અને ઈન્સાફ તેઓના ઘરોમાં એવી રીતે છવાઇ જશે જેવી રીતે ઠંડી અને ગરમી પ્રસરી જાય છે.'*

(હદીસ નં. ૧)

નોંધ : પથ્થરો, પર્વતો અને લાકડીઓના બુતો ધ્વસ્ત કરવા સહેલા છે. પરંતુ ચિંતન-મનન, વિચાર અને વહેમની મૂર્તિઓ તોડવી આસાન નથી. આયતો અને રિવાયતોની મનમાની તફસીર અને અર્થઘટનો કરનારા ખબરદાર રહે. જ્યારે ઇમામે ઝમાના (અ.સ.)નો ઝુહુર થશે ત્યારે આવા લોકો તે હઝરત (અ.સ.)ની સાથે લડાઇ કરવા માટે તૈયાર થઇ જશે.

## અઢારમું પ્રકરણ :

આ પ્રકરણમાં રસુલ (સ.અ.વ.)ના અલમના બારામા હદીસોની નોંધ કરવામાં આવી છે. આ તે અલમ છે જે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ સીફ્ફીનની લડાઇમાં ઉપાડ્યો હતો અને ફરમાવ્યું હતું.

*'આ તે અલમ છે કે જેને મારા પછી કાએમ (અ.સ.)ની સિવાય કોઇ નહિં ઉપાડે.'*

(હદીસ નં. ૧)

## વીસમું પ્રકરણ :

આ પ્રકરણમાં ઇમામે ઝમાના (અ.સ.)ના સાથીદારોની સિફતો ઉપર આધારિત હદીસો લખવામાં આવી છે. 'અલ-મુન્તઝર'ના જુદા જુદા અંકોમાં આ હદીસો રજુ કરવામાં આવી છે. વાંચકો તેનો અભ્યાસ કરી શકે છે.

*'નેકીઓ અને ભલાઇ કરવામાં એકબીજાથી આગળ રહેનારા લોકો ઇમામ મહદી (અ.સ.)ના બધા અસ્હાબો યુવાન હશે. વૃદ્ધો પણ હશે પરંતુ તેઓની સંખ્યા ખૂબજ ઓછી આંખોમાં સુરમા માફક અને ખાવામાં નમક માફક ઓછી હશે.'*

(હદીસ નં. ૬ અને ૧૦)

## એકવીસમું પ્રકરણ :

ઝુહુર પહેલા અને ઝુહુરની પછી શીઆઓની હાલત કેવી હશે. ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

*'જ્યારે કાએમ (અ.સ.) ઝુહુર કરશે ત્યારે જે પોતાને આ અમ્ર (વિલાયતને) લાયક સમજશે (એટલે કે ખુદને ઇમામે ઝમાનાનો શીઆ સમજશે) તે આ હુકમમાંથી નીકળી જશે અને (તેથી વિરૂદ્ધ) એવા લોકો કે જેઓ સૂરજ અને ચાંદની પૂજા કરતા હશે તેઓ આ હુકમમાં દાખલ થઇ જશે.'*

(હદીસ નં. ૧)

નોંધઃ આ રિવાયત સ્પષ્ટ રીતે સૂચવે છે કે પોતાની ઉપર ઘમંડ ન કરે કે એહલેબૈત (અ.સ.)નો શીઆ છે અને ઇમામે ઝમાનાનો ચાહનારો છે. અલબત્ત આ મહાન નેઅમત જે તેને મળી છે તેને સંભાળીને રાખે અને હંમેશા દોઆએ ગરીક પડતો રહે કે મોતના સમયે વિલાયતની પક્કડ હાથમાંથી છુટી ન જાય. એ બાબત ઉપર પણ આશ્ચર્યચક્તિ ન થવું કે સૂરજ અને ચાંદની પૂજા કરનારા કેવી રીતે ઇમામના પક્ષમાં આવી જશે. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે એક પળમાં સામેના પક્ષનો માણસ આ પક્ષમાં આવી જાય છે. જનાબે હુર (અ.સ.) એ કેવી રીતે ઇમામે ઝમાના (અ.સ.)ને ઓળખી લીધા અને બધું બદલાઇ ગયું.

## બાવીશમું પ્રકરણ :

આ પ્રકરણમાં એ હદીસોની નોંધ કરવામાં આવી છે જે દર્શાવે છે કે ઇમામે ઝમાના નવી દા'વત આપશે. ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે.

*'જ્યારે કાએમ (અ.સ.) કયામ કરશે ત્યારે નવેસરથી દા'વત શરૂ કરશે. જેવી રીતે રસુલ (સ.અ.વ.)એ દાવત આપી હતી.'*

અબુ બસીર કહે છે કે હું ઉભો થઇ ગયો અને હઝરત ઇમામ સાદિક (અ.સ.)ના માથાને ચુમ્યું અને અરજ કરી. હું સાક્ષી આપું છું કે આપ દુનિયા અને આખેરતમાં મારા ઇમામ છો. હું આપના દોસ્તોને દોસ્ત અને આપના દુશ્મનોને દુશ્મન ગણું છું અને ગવાહી આપું છું કે આપ ખુદાના વલી છો. હઝરત (અ.સ.)એ ફરમાવ્યું :

*'ખુદા તમારા ઉપર રહેમ કરે.'*

## ત્રેવીસમું પ્રકરણ :

આ પ્રકરણમાં ઇમામે ઝમાના (અ.સ.)ની વયના બારામાં રિવાયતોની નોંધ થઇ છે. અર્થાત બાળવયમાં આપ ઇમામતના હોદ્દા ઉપર બિરાજમાન થશો.

## ચોવીશમું પ્રકરણ :

આ પ્રકરણ ઘણું મહત્ત્વ ધરાવે છે. તેમાં એ રિવાયતોની નોંધ કરવામાં આવી છે જેમાં ઇમામ સાદિક (અ.સ.)નો એક એવો ઝવ્વાર જે ઇમામ સાદિક (અ.સ.)ની પછી તેમના મોટા દિકરા જનાબે ઇસ્માઇલને તેમનો વારસદાર માનતો હતો. જ્યારે ઇમામ સાદિક (અ.સ.)એ તેને રદ્ કરીને સ્પષ્ટ રીતે જણાવ્યું કે મારી પછી મારા પુત્ર મુસા (અ.સ.) અમીન અને ઇમામ થશે. આ પ્રકરણમાં ઇસ્માઇલને રદ્ કરતી હદીસોને એકઠી કરવામાં આવી છે.

## પચ્ચીસમું પ્રકરણ :

આ પ્રકરણમાં એ હદીસો રજુ કરવામાં આવી છે કે જેણે ઇમામને ઓળખી લીધા તેને કોઇપણ નુકશાન નહિં થાય. ભલે પછી મઅરેફત મેળવવામાં ગમે તેટલો વિલંબ કેમ ન કરે.

## છવ્વીસમું પ્રકરણ :

આ છેલ્લું પ્રકરણ છે જેમાં ઇમામ મહદી (અ.સ.)ની હુકુમતની મુદ્દત દર્શાવવામાં આવી છે. જે ઇમામ સાદિક (અ.સ.)ના ફરમાન મુજબ ઓગણીસ વર્ષને અમૂક મહિનાઓની મુદ્દત છે.

અય ખુદા! ઇમામે ઝમાના (અ.સ.)ના ઝુહુરમાં જલ્દી કર અને હઝરત ઝહરા (સ.અ.)ના મુબારક દિલને સાંત્વન અતા ફરમાવ. આમીન.

* * * * *

# ઈમામ મહદી (અજ.)નો અકીદો અને સુન્ની આલીમો

દરેક ઝમાનાના એક ખાસ ઈમામ હોય છે. અમૂક લોકો ઈમામનો અર્થ કુરઆને કરીમ કરે છે જ્યારે કે અમૂક લોકો બીજા કોઈને ઈમામ માને છે. કુરઆને કરીમ કોઈ એક ઝમાનાની કિતાબ નથી બલ્કે દરેક ઝમાના માટે છે.

જ્યારે સુરએ બની ઈસ્રાઈલની ૭૧મી આયતનો અભ્યાસ કરીએ ત્યારે ઝમાનાના ઈમામની ચર્ચા અત્યંત જરૂરી બની જાય છે.

*''જે દિવસે અમે દરેક ટોળાને તેના ઈમામ સાથે બોલાવીશું.''*

ઉપરોક્ત આયતના સંદર્ભમાં રસુલે ખુદા (સ.અ.વ.)ની મશહૂર અને જાણીતી હદીસ જે સુન્ની અને શીઆ હદીસકારોએ જુદા જુદા અંદાજમાં નકલ કરી છે કે

*'જે શખ્સ પોતાના ઝમાનાના ઈમામની મઅરેફત વગર આ દુનિયામાંથી ચાલ્યો જાય તો તેનું મૃત્યુ જાહેલિય્યતનું મૃત્યુ હશે.'*

આ મહત્ત્વના અકીદાના બારામાં અમૂક લોકો એવું માને છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.)નો અકીદો માત્ર શીઆઓના પોતાના દિલની સાંત્વના માટે એક ઘડી કાઢેલો અકીદો છે, જે તેઓએ ઈતિહાસમાં પરાજ્યનો સામનો કર્યા પછી તૈયાર કર્યો છે.

લોકોના મતે અમને મજબુર કર્યા કે આપણે જોઈએ કે શું ખરેખર ઈમામ મહદી (અ.સ.)નો અકીદો માત્ર શીઆઓનો અકીદો છે કે પછી બીજા કોઈ ફીરકામાં પણ આ અકીદો જોવા મળે છે?

જ્યારે આપણે બીજી વિચારધારાના આલીમોની કિતાબોનો અભ્યાસ કરીએ છીએ ત્યારે જણાય આવે છે કે તેઓની વિશ્વાસપાત્ર કિતાબો મહદી (અ.સ.)ના અકીદાથી ભરી પડી છે. એટલું જ નહિં પરંતુ તેઓ તેને એક નિર્મળ ઈસ્લામી અકીદો ગણે છે. તદ્ઉપરાંત કિતાબોમાં વારીદ થયેલી હદીસોને મોતવાતીર હોવાનું સ્વિકારે છે.

### ઈમામ મહદી (અ.સ.)નો અકીદો અને કુરઆને કરીમ :

*''જેથી તેને બીજા બધા (દીનો) ઉપર ગાલીબ કરશે પછી ભલે નાસ્તિકોને અણગમતું (કેમ ન) લાગે.''*

(સુરએ તૌબા : ૩૩)

આ આયતની તફસીરમાં જનાબ સઈદ બીન જોબૈર (રઝી.) ફરમાવે છે કે તેનો અર્થ હઝરત ફાતેમા ઝેહરા (સ.અ.)નાં વંશમાંથી હઝરત ઈમામ મહદી (અ.સ.) છે.

તેની આ તફસીર જનાબ હાફીઝ ગન્જી શાફેઈએ તેમની કિતાબ અલ બયાન ફી અખબારે સાહેબુઝઝમાનના પ્રકરણ ૨૫, પાના ૧૫૫ અને શબલન્જીએ નુરૂલ અબ્સારના પાના ૧૮૬ ઉપર નોંધ કરી છે.

આ ઉપરાંત રસુલે ખુદા (સ.અ.વ.)થી નકલ થયેલ રિવાયતોના પ્રકાશમાં બીજી પણ ઘણી બધી આયતોની તફસીર ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરના બારામાં કરવામાં આવી છે. જેમકે જનાબ શયખ સુલયમાન કુન્દુઝી હનફી (મૃત્યુ : હિ. સન. ૧૨૯૩)એ તેમની અમૂલ્ય કિતાબ 'યનાબીઉલ મોવદ્દત'ના પ્રકરણ ૭૧માં તે આયતોનું સંકલન કર્યું છે જે ઈમામ મહદી (અ.ત.ફ.શ.) અને તેમના અસ્હાબોના બારામાં ઉતરી છે. તે પૈકી એક રિવાયત સુરએ અમ્બીયાની આયત નં. ૧૦૫ની હેઠળ છે. ઈમામ બાકિર (અ.સ.) અને ઈમામ સાદિક (અ.સ.)થી નોંધ કરતા ફરમાવે છે કે આ આયત કે જેનો તરજુમો ''અને અમે તૌરતે પછી ઝબુરમાં લખી દીધું છે કે દુનિયાના વારસ મારા નેક બંદાઓ હશે.''

અહિં નેક બંદાઓથી મુરાદ કાએમ (અ.સ.) અને તેમના સાથીદારો છે. તેવી જ રીતે અલ ફોસુલુલ મોહિમ્મામાં ઇબ્ને સબ્બાગે માલેકી પ્રકરણ ૧૨ પાના ૩૪૫માં સુરએ ઝુખ્રૂફ આયત ૬૧ની હેઠળ ફરમાવે છે.

'મહદી (અ.સ.)એ છે જેઓ આખર ઝમાનામાં હશે અને તેમના ઝુહુર પછી કયામત અને તેની નિશાનીઓ જાહેર થશે. એટલે કે ઇમામ મહદી (અ.સ.)નો ઝુહુર કયામતની નજીક થશે.'

આ જ પ્રકારની રિવાયત અબ્દુલ્લાહ બીન મસ્ઉદે રસુલે ખુદા (સ.અ.વ.)થી નોંધ કરી છે. જેને અબુ સઇદે ખુદરી અને અબુ હુરયરાએ પણ નોંધ કરી છે. અને મસ્નદે અહમદ ૧/૩૭૬, સોનને તિરમીઝી, ભાગ-૬, કિતાબ ૩૪, પ્રકરણ-૫૨, હદીસ ૨૨૩૧ પાના નં. ૧૫૦૫, અને મજમઉઝ ઝવાએદ (હયસમી ૭/૩૧૫)માં નીચે મુજબની હદીસની નોંધ કરવામાં આવી છેઃ

*'કયામત ત્યાં સુધી નહિં આવે કે જ્યાં સુધી મારી એહલેબૈતમાંથી એક માણસ જાહેર નહિં થાય. જેનું નામ મારૂં નામ હશે. એટલે કે કયામતનું આવવું ચોક્કસ છે અને આ હદીસના પ્રકાશમાં જ્યાં સુધી ઇમામ મહદી (અ.સ.)નો ઝુહુર નહિં થાય ત્યાં સુધી કયામત નહિં આવે.'*

આ આધારે આપણે કહી શકીએ છીએ કે કયામતની જેમ હઝરતનું ઝુહુર પણ નિશ્ચિત અને ચોક્કસ છે.

સુરએ શુરા આયત નં. ૧૮ કે *''તે લોકો કે જેઓ કયામતમાં શંકા કરે છે તેઓ ખુલ્લી ગુમરાહીમાં છે.''* ની નીચે યનાબીઉલ મોવદ્દત પ્રકરણ : ૭૧, પાના નં. ૪૨૫ પ્રકાશન ઇસ્તંબુલમાં મુફઝઝલથી રિવાયતની નોંધ કરવામાં આવી છે કે : જ્યારે મુફઝઝલે આ આયતનો અર્થ ઇમામ સાદિક (અ.સ.)ને પુછયો ત્યારે ઇમામ (અ.સ.)એ ફરમાવ્યું :

*'શંકાશીલ લોકો પૂછશે કે આપ (મહદી અ.સ.) કયારે પેદા થયા? તેમને કોણે જોયા? તેઓ (અ.સ.) અત્યારે કયાં છે? તેઓ (અ.સ.) કયારે જાહેર થશે? તો અય મુફઝઝલ! આ બધી વાતો ખુદાવંદે આલમની કઝા અને કદ્રમાં શંકા કરવા માફક છે. તથા આ તે લોકો છે જેઓ દુનિયા અને આખેરતમાં નુકસાન ઉઠાવશે.' આજ પ્રકારની બીજી રિવાયત સોદૈરે સયરફીથી જોવા મળે છે. 'લાંબી ગયબતના કારણે લોકો ઇન્કાર કરવા લાગશે અને ગુમરાહીની વાતો કરવા લાગશે કે હજી તેઓ પેદા નથી થયા અથવા અમૂક કહેશે કે પેદા તો થયા પરંતુ મૃત્યુ પામ્યા અમૂક લોકો કહેશે કે અગિયારમાં ઇમામ (અ.સ.)ની કોઇ અવલાદજ ન હતી..... અમૂક કહેશે કે હઝરત કાએમ (અ.સ.)ની રૂહ કોઇ બીજાના શરીરમાં રાખી દેવામાં આવી છે. આ બધી અયોગ્ય, અશોભનીય અને વિરોધાભાસી વાતો બાતિલ છે.' આજ રિવાયત અબ્દુલ્લાહ બિન મસ્ઉદે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી નોંધ કરી છે.*

*આની સાથે મળતી આવતી એક રિવાયત લેસાનુલ મીઝાન ઇબ્ને હજરે અસ્કલાની ૫/૧૩૦ અને જનાબે જાબીર બીન અબ્દુલ્લાહ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી નોંધ કરે છે કે 'જેણે ઇમામ મહદી (અ.સ.)ના ઝુહુરનો ઇન્કાર કર્યો તેણે એ બધી વાતોથી કુફ્ર કર્યું; જે મોહમ્મદ (સ.અ.વ.) ઉપર ઉતરી છે.'*

ઉપર દર્શાવેલ રિવાયતોથી જણાય આવે છે ઇમામ સાદિક (અ.સ.)એ ઇમામ મહદી (અ.સ.) સંબંધિત જે પ્રકારના ઇખ્તેલાફની આગાહી કરી હતી તે શબ્દશઃ સાચી સાબિત થઇ છે.

હઝરત ઇમામ મહદી (અ.સ.)નો ઇન્કાર એટલા માટે કુફ્ર ઠેરવવામાં આવ્યો છે કારણ કે હઝરત ઇમામ મહદી (અ.સ.)નો અકીદો ઇસ્લામના નિર્મળ ઉસુલોમાંનો એક ઉસુલ છે. જેની ચર્ચા આયતો અને રિવાયતોમાં કરવામાં આવી છે. તેમ છતાં પણ કોઇ માણસ ઇમામ મહદી (અ.સ.)ના અકીદાથી ઇન્કાર કરે તો તે ઇસ્લામમાંથી નીકળી જાય છે ખુદાવંદે આલમ આપણને સૌને આખર ઝમાનાની ગુમરાહીથી સુરક્ષિત રાખે.

આવો, હવે આપણે જોઇએ કે આ હદીસો મોતવાતીર છે કે નહિં અથવા તો તેના તવાતુરના બારામાં બીજા ફીરકાઓની કિતાબોમાં શું જોવા મળે છે. આ બાબતે સવાએકુલ મોહર્રેકા પ્રકરણ ૧૧, ભાગ - ૧, પાના નં. ૨૫૪ ઉપર અબુલ હસન આબરીથી રિવાયત છે કે આ રિવાયતો મોતવાતીર છે અને અસંખ્ય રાવીઓએ રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયતોની નોંધ કરી છે.

***'તેઓ જાહેર થશે અને તેઓ આપની એહલેબૈત (અ.સ.)માંથી હશે. તેઓ દુનિયામાંથી અત્યાચાર અને અન્યાયનો નાશ કરીને એક ન્યાયી હુકુમતને સ્થાપિત કરશે અને તેમના ઝમાનામાં હઝરત ઈસા (અ.સ.) જાહેર થશે અને તેમનો ઝમાનો હઝરત ઈસા (અ.સ.)નો પરત ફરવાનો સમયગાળો હશે અને હઝરત ઈસા (અ.સ.) તેમની પાછળ નમાઝ પઢશે.'***

અબુલ હસન આબરી સુન્નીઓના ઉચ્ચ કક્ષાના આલીમ છે. તેઓનું પુરૂં નામ મોહમ્મદ બીન હુસયન બીન ઇબ્રાહીમ આબરી સજસ્તાની (મૃત્યુ હિ.સ. ૩૬૩) છે. 'મનાકેબુશશાફેઇ' તેમની ખૂબજ મશહૂર કિતાબ છે.

અલ મુકદ્દમામાં ઇબ્ને ખલ્દુન પાના નં. ૩૬૭ ઉપર લખે છે કે :'બધા મુસલમાનોમાં આ વાત દરેક ઝમાનામાં પ્રચલિત રહી છે કે આખર ઝમાનામાં એક માણસનું જાહેર થવું જરૂરી છે જે આપની એહલેબૈત (અ.સ.)માંથી હશે. જે દીનમાં એક સ્તંભની માફક હશે, ન્યાય અને સમાનતાને સ્થાપિત કરશે, મુસલમાનો તેમનું અનુસરણ કરશે, તેઓ બધા ઇસ્લામી દેશો ઉપર કબ્જો મેળવશે અને તેમનું નામ મહદી (અ.સ.) હશે.'

હમ્બલી માન્યતાના ફકીહ જનાબ શમ્સુદ્દીન મોહમ્મદ સફારી (૧૧૧૪ થી૧૧૮૮) તેમની નઝમ 'અદ દુર્રતુલ મોઝીઅહ ફી અકીદતુલ ફીરકતુલ મરઝીય્યહ'માં ઇમામ મહદી (અ.સ.)ના અકીદા અને તેમના ઝુહુર અંગે લખે છે.

'કયામતની નિશાનીઓના બારામાં જે કાંઇ કુરઆન અને હદીસમાં આવ્યું છે તે બધુ સાચું છે તેમાં કોઇ શંકા નથી.'

તે પછી આ રીતે લખે છે : 'ઇમામ મહદી (અ.સ.)ના ઝુહુરના બારામાં એટલી રિવાયતો છે જે મઅનવી તવાતુરની હદ સુધી છે અને આ વાત સુન્ની આલીમોની નજીક એ રીતે મશહૂર છે કે તેઓનો એક અકીદો ગણવામાં આવે છે. આ આધારે ઇમામ મહદી (અ.સ.) ઉપર ઇમાન લાવવું વાજીબ છે અને આ વાત આલીમો દરમ્યાન સંપૂર્ણ રીતે સ્વિકારને પાત્ર છે તેમજ આજ પરિસ્થિતિ શીઆઓની નજીક પણ છે.'

અહિં સુધીના અભ્યાસમાં આપણે એ પરિણામ સુધી પહોંચ્યા છીએ કે મહદી (અ.સ.)નો અકીદો ઇસ્લામનો એક નિર્મળ અકીદો છે અને તેનો ઇન્કાર કરનાર કાફિર છે ભલે પછી તે ગમે તે હેતુથી ઇન્કાર કરે. આ અકીદા અંગે જે પણ રિવાયતો અને હદીસો આવેલી છે તે બધી તવાતુરની હદે છે. આવો, હવે આપણે એ જાણીએ કે ઇમામ મહદી (અ.સ.) ક્યા વંશમાંથી હશે અને રસુલે ખુદા (સ.અ.વ.)ની એહલેબૈત (અ.સ.)થી મુરાદ કોણ લોકો છે?

અરફુલ વરદી ફી અખ્બારીલ મહદી, ૨/૧૬૬ અને જમ્ઉલ વામેઅ ૧/૫માં આબરીથી રિવાયત છે કે ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.)એ ઇમામ ઝયનુલ આબેદીન (અ.સ.)થી, તેમણે તેમના વાલીદ અને તેમણે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)થી આ રિવાયતની નોંધ કરી છે.

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું :

***'અય ફાતેમા! હું તમને મહદી (અ.સ.)ની આગાહી કરૂં છું તેઓ તમારા વંશમાંથી હશે.'***

આ રિવાયત ઇમામ મહદી (અ.સ.)ની ફઝીલતને પણ જાહેર કરે છે. તેનું કારણ એ છે પયગમ્બર (સ.અ.વ.)એ આ વાત જનાબે ફાતેમા (સ.અ.)ને ગર્વના સ્વરૂપે કહી હતી કે ઇમામ મહદી (અ.સ.) તેમના વંશમાંથી છે.

વધુમાં ઇમામ મહદી (અ.સ.) સંબંધિત એ હદીસે કુદસી જે જનાબે જાબીર ઇબ્ને અબ્દુલ્લાહ અન્સારીએ જે લવ્હે ફાતેમી ઉપર લખેલી જોઇ છે અને જે એક

આલીમે અત્યંત વિસ્તૃત રીતે બયાન કરી છે.

જનાબે જાબીરે કહ્યું: હું અલ્લાહને ગવાહ નિયુક્ત કરૂ છું કે મેં લવ્હ ઉપર આ લખાણ જોયું છે.

*'ખુદાવંદે આલમ કે જે હિકમતવાળો છે તેના તરફથી આ લખાણ છે તેના નૂર, તેના એલચી, તેના આવરણ અને તેની દલીલ મોહમ્મદ (સ.અ.વ.) માટે. જીબ્રઈલે અમીન આ તકતીને ખુદાની તરફથી લાવ્યા છે. મેં કોઈ નબીની નિમણુંક નથી કરી, તેની મુદ્દત પુરી નથી કરી અને તેનો સમય પૂરો નથી કર્યો સિવાયએ કે તેના એક વસી (વારસદાર)ની જરૂર નિમણુંક કરી છે. મેં તમને બધા નબીઓ ઉપર ફઝીલત આપી છે તથા મેં આપના વસીને બધા વસીઓ ઉપર ફઝીલત આપી છે અને તેમના (અલી અ.સ.) પછી આપના લાડલા નવાસાઓ હસન અને હુસયન (અ.સ.) થકી આપને બુઝુર્ગી આપી છે. તેમની ઈતરતની મોહબ્બત અને નફરતના આધારે લોકોને સવાબ આપીશ અને અઝાબમાં નાખીશ.*

*તેઓમાંના પહેલા અલી સય્યદુલ આબેદીન (અ.સ.) જે અગાઉના વલીઓની શોભા છે. તેમના પછી તેમના ફરઝંદ મોહમ્મદ (બાકિર અ.સ.) છે. જે મારા ઈલ્મનો ફેલાવો કરશે અને જેઓ મારી હિકમતનો ખજાનો ધરાવે છે. જઅફર (અ.સ.)ના બારામાં ઈન્કાર કરનારાઓ હલાક થશે. હું જઅફર (અ.સ.)ને ઉચ્ચ સ્થાન આપીશ. તેમના શીઆઓ, અન્સારો અને દોસ્તોની બાબત તેમને ખુશ કરીશ. તેમની પછી મેં મુસા (અ.સ.)ને ચૂંટી કાઢ્યા છે. અગર તેઓમાંથી કોઈપણ એકે કોઈ એકનો પણ ઈન્કાર કર્યો તો જાણે તેણે મારી નેઅમતનો ઈન્કાર કર્યો. તથા જે આઠમા (વલી)નો ઈન્કાર કરશે તેણે મારા બધા વસીઓનો ઈન્કાર કર્યો અને ખરેખર અલી (અ.સ.) મારા વલી અને મદદગાર છે. મારા માટે જરૂરી છે કે તેમના ફરઝંદ મોહમ્મદ (તકી) (અ.સ.) થકી તેમની આંખોને ઠંડક પહોંચાડું. જે તેમના પછી તેમના વારસદાર છે તેઓ મારા ઈલ્મના વારીસ અને મારી હિકમતનો ખજાનો ધરાવનાર છે.*

*તેમના પછી તેમના ફરઝંદ અલી (નકી) (અ.સ.) છે. જે મારા વલી અને મદદગાર છે. તેમની ઉપર સઆદત (ખુશબખ્તી)ને સંપૂર્ણ કરીશ. તેમના વંશમાંથી મારા રસ્તાની દાવત આપનાર અને મારા ઈલ્મનો ખજાનો ધરાવનાર હસન (અ.સ.)ને જાહેર કરીશ. પછી આ સિલસિલાને તેમના ફરઝંદ મ હ મ દ કે જેઓ દુનિયાઓ માટે રેહમત છે, તેમના થકી પરિપૂર્ણ કરીશ. હકીકતમાં આજ હસ્તીઓ મારા સાચા વસી છે. તેમના થકી હું ઘટાટોપ ફીત્નાઓને દૂર કરીશ. હું તેમના થકી ભૂલોની સુધારણા કરીશ. તેમના થકી લોકોને કૈદ અને અટકાયતમાંથી મુક્ત કરીશ. આ જ લોકો ઉપર તેમના દીનની તરફથી સતત દુરૂદ અને રેહમત છે. ખરેખર આ જ લોકો હિદાયત ધરાવે છે અને ઈન્સાનીય્યતના માર્ગદર્શન માટે દિવાદાંડી સમાન છે.'*

(ફરાએદુસ સીમતૈન, શયખુલ ઈસ્લામ હમ્વઈ શાફેઈ, પ્રકરણ : ૨/૧૩૭-૧૩૯)

આ હદીસ મૂલ્યવાન હદીસોમાંની એક છે. તેમાં અસંખ્ય ફાયદાઓ અને મુદ્દાઓ છે. આ હદીસમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના બાર વારસદારોની સ્પષ્ટ રીતે ઓળખાણ તેઓના નામો અને ખાસીયતોની સાથે આપવામાં આવી છે. આ એજ બાર ખલીફાઓ છે જેનો સંદર્ભ જાબીર (રહ.) એ બયાન કરેલ રિવાયતમાં મૌજુદ છે. જે સચ્ચાઈથી ભરપૂર છે. ઉપરોક્ત હદીસનું વર્ણન 'સિહાએ સિત્તાહ' (સુન્નીઓની છ ભરોસાપાત્ર કિતાબ)માં કરવામાં આવ્યું છે.

અલ્લાહની બારગાહમાં રાત અને દિવસ દોઆમાં મશગુલ છીએ કે તે આપણા મહેબુબ ઈમામના ઝુહુરમાં જલ્દી કરે. આમીન યા રબ્બીલ આલમીન.

* * * * *

# શેખ મુર્તુઝા અન્સારી (અ.ર.) અને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)

એ ફઝીલતવાળી તીનતનું શું કહેવું કે જેણે પોતાની જાતને ફક્ત એ નૂરના સ્ત્રોતથી નઝદીક જ નહીં પરંતુ પોતાના સંપૂર્ણ અસ્તિત્વને એમના સાયામાં પરવાન ચડાવી. આ નૂર કોઇ સાધારણ નૂર નહોતું પરંતુ આં હઝરત (સ.અ.વ.)નું પવિત્ર નૂર છે કે જેની આસપાસ આ પરવાના તવાફ કરતા રહ્યા. ત્યાં સુધી કે તે રસુલે ખુદા (સ.અ.વ.)ના સલામના હામીલ બન્યા. જેને આપ (સ.અ.વ.)ના પાંચમા જાનશીન સુધી પહોંચાડ્યા.

હા, મારો કહેવાનો મકસદ પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ના મહાન અને અમૂલ્ય સહાબી જનાબ જાબીર ઇબ્ને અબ્દુલ્લાહે અન્સારી (ર.અ.) છે. જેઓએ પોતાના સંપૂર્ણ અસ્તિત્વને ઇસ્મત અને તહારતના ખાનદાનની ખિદમત માટે સમર્પિત કરી દીધું હતું.

આ દુનિયાનો એક રિવાજ છે કે જ્યારે કોઇ માણસને કોઇ ઝળહળતી જીત અને કામ્યાબી હાંસિલ થાય છે ત્યારે લોકો તેના બાપ-દાદાને યાદ કરે છે કે આ ફલાણાનો દિકરો છે કે ફલાણાનો પૌત્ર છે. દુનિયાના આ રીવાજને ધ્યાનમાં રાખીને જરૂરી લાગ્યું કે જ્યારે અલ્લામા શેખ મુર્તુઝા અન્સારી (ર.અ.)નો ઝિક્ર થાય તો તેની શરૂઆત તેમના દાદા જનાબે જાબીર ઇબ્ને અબ્દુલ્લાહે અન્સારીથી થાય.

વાસ્તવમાં તો જનાબે જાબીર બિન અબ્દુલ્લાહે અન્સારી (ર.અ.)ના ખૂનનીએ પાકીઝગી જ હતી કે એમના વંશમાં અલ્લામા શેખ મુર્તુઝા અન્સારી (ર.અ.) જેવા ફરઝંદ પૈદા થયા, કે જેમણે શીય્યતને મજબુત બનાવી તથા મુજતહીદોના સિલસિલામાં એવું આગવું સ્થાન હાંસિલ કર્યું કે આજ સુધી આપને 'ખાતેમુલ મુજતહેદીન'ના નામથી યાદ કરવામાં આવે છે. ખરેખર એવું લાગે છે કે ઇસ્મત અને તહારતવાળા ખાનદાનની ખિદમત અને મદદ કરવાનું શેખ મુર્તુઝા (ર.અ.)ને પોતાના બાપદાદાઓ તરફથી વારસામાં મળ્યું હોય. જ્યારે આપણે તેમના જીવન ચરિત્રનો અભ્યાસ કરીએ છીએ ત્યારે જાણવા મળે છે કે તેમનું સંપૂર્ણ જીવન મઝહબી ખિદમત અને ઇમામે વક્તની મદદથી માલામાલ છે.

આપણે અહીંયા શેખ મુર્તુઝા (ર.અ.)ના ભવ્ય વ્યક્તિત્વની ઓળખાણની સાથે સાથે અમૂક પ્રારંભિક હકીકતો ઉપર પ્રકાશ ફેંકીશું.

### વિલાદત :

આ આપની ફઝીલત છે કે આપની વિલાદત ઇસ્લામની સૌથી મોટી ઇદ, ઇદે ગદીરના દિવસે હિ.સ. ૧૨૧૪ના રોજ દઝફુલ નામના શહેરમાં થઇ. આપના પિતા અલ્લામા શેખ મોહમ્મદ અમીન હતા કે જેમની ગણના બુઝુર્ગ ઓલમાઓમાં થતી હતી. આપની માતા એક બુઝુર્ગ આલીમની નેક દુખ્તર હતી તથા પોતાના ઝમાનાની પરહેઝગાર, એહલે ઇલ્મ અને મુખ્લિસ ઔરત હતા.

### લાક્ષણિક્તાઓ અને વ્યક્તિત્વઃ

શેખ મુર્તુઝા અન્સારી (ર.અ.)ના ઇલ્મી વિકાસના વિષે એવું કહેવાય છે કે આપે ફક્ત પાંચ વર્ષની વયે કુરઆને મજીદ શીખ્યું હતું અને ત્યાર પછી બીજા ઇલ્મે દીન જેમકે અદબીયાત, સર્ફ, નહવ, મઆની અને બયાન, મન્તિક અને કલામ તથા ઓલુમે અક્કલી હાંસિલ કરવામાં મશગુલ થયા અને જોતજોતામાં આપે એ બધા ઇલ્મોમાં નિપુણતા કેળવી લીધી. ઉપરોક્ત તબક્કાઓ પસાર કર્યા બાદ આપે ઉસુલ અને ફિકહમાં એવી ખાસ ધ્યાનપૂર્વક મહેનત કરી કે ફક્ત ૧૬ વર્ષની વયે જ ઇજતેહાદનો મહાન દરજ્જો મેળવ્યો. ઇલ્મ અને અમલના મૈદાનમાં આપ એવું મહત્ત્વનું વ્યક્તિત્વ ધરાવતા હતા જેની અસર આજ સુધી ઓલમાઓમાં

રોશન અને જાહેર છે.

શેખ મુર્તુઝા (ર.અ.)નું ઇલ્મી વ્યક્તિત્વ એક બલંદ સ્થાન ઉપર બિરાજમાન છે. આપના વિશે ઇતિહાસની કિતાબોમાં ઘણા બધા પ્રસંગો મળી આવે છે જેનાથી આપના આગવા વ્યક્તિત્વનો અંદાજ આવે છે. અમે અહીંયા ટૂંકાણને ધ્યાનમાં રાખીને ખુલાસારૂપે થોડુંક બયાન કરીએ છીએ.

આપના ઉસ્તાદ મર્હુમ શેખ અલી જે શેખ જાઅફર કાશેફુલ ગેતાના ફરઝંદ હતા તેઓ આપના વિશે ફરમાવે છે કે (કોઇપણ) વસ્તુ વિશે સાંભળવું એ તે વસ્તુના જોયા કરતાં શ્રેષ્ઠ હોય છે. પરંતુ સિવાય તમારા, શેખ મુર્તુઝા (ર.અ.) કે જેમને જોવા એ તેમના વિશે સાંભળવા કરતા ઉચ્ચતમ છે.

(ફોકહાએ નામદારે શીઆ, પાના નં. ૩૨૯, શખ્સિયત શેખ અન્સારી, પાના નં. ૪)

મર્હુમ અલ્હાજ મિર્ઝા હબીબુલ્લાહ રશ્તી કે જે શેખ મુર્તુઝા (ર.અ.)ના ૧૦૦ આલીમ તથા મુજતહીદ શાર્ગીદોમાં સૌથી અલગ તરી આવતા શાર્ગીદ હતા. જ્યારે શેખ અન્સારી (ર.અ.) પોતાનો દર્સ સંપૂર્ણ પૂરો કરી લેતા ત્યારે મિર્ઝા રશ્તી બીજા શાર્ગીદો માટે ઉંડાણપૂર્વક સમજણ આપતા હતા. તેઓ પોતાના ઉસ્તાદ શેખ મુર્તુઝા (અ.ર.)ના વિશે ફરમાવે છે કે

*''આપ (શેખ મુર્તુઝા ર.અ.) ઇલ્મ અને અમલના દરજ્જામાં ઇસ્મતના દરજ્જાની નઝદીક છે.''*

(બદાયેઉલ અફકાર, પાના નં. ૪૫૭)

શેખ મુર્તુઝાના વ્યક્તિત્વથી જાહેર થવાવાળી ઘણી બધી કરામતો કિતાબોમાં સંપાદિત થયેલ છે.

## ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.) સાથે રાબેતો (સંપર્ક):

જેમકે અમે બયાન કર્યું કે શેખ મુર્તુઝા (અ.ર.)એ પોતાની સંપૂર્ણ ઝિંદગી પોતાના મૌલા અને આકા હઝરત હુજ્જત અરવાહોના લહુલ ફીદાની ખિદમતમાં એ હદ સુધી વિતાવી કે પોતાની જાતને કમાલની મંઝિલ સુધી પહોંચાડી દીધી. એવો કમાલ કે જે તમામ રૂહાની અને શારીરિક સિફતોથી માલામાલ હતો. આપે ગયબતના ઝમાનાની અતિ મહત્ત્વની અને જરૂરી જવાબદારીઓને અદા કરી અને ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ખુશ્નુદી હાંસિલ કરી. આ બધું આપના નફસની પાકીઝગી, નિર્મળ અમલ, અને દીની કાર્યોને અંજામ આપવાનો ઉત્સાહ અને અઇમ્મા (અ.સ.) પ્રત્યેની નિર્મળ મોહબ્બત જ હતી કે જેના લીધે આપને ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ઝિયારત કરવાનો શરફ હાંસિલ થયો. મરહુમ શેખ મહમુદ અરાકી કે જે આપના શાર્ગીદ હતા, તેઓ અલ્લામા મુર્તુઝા અન્સારી (ર.અ.)ને એ બુઝુર્ગ હસ્તીઓમાં શુમાર કરે છે કે જેઓ ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની પવિત્ર ખિદમતમાં હાજર થયા છે અને શેખ અન્સારી (ર.અ.)નો ઝિક્ર આ રીતે કરે છે.

*'તેઓમાંથી સાતમા અમારા મહાન અને ભવ્ય શિક્ષક અને અમારી સનદ અને સૌથી વધુ માનનીય શેખ મુર્તઝા અન્સારી (કુદદેસ સિર્રોહુ) છે.'*

શેખ મુર્તુઝા (ર.અ.)ના ઘણા બધા પ્રસંગો અને કરામતો જાહેર થઇ છે, જે ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની મુલાકાતના સૌભાગ્યનું વર્ણન કરે છે. અહિંયા આપણે ફક્ત બે પ્રસંગોનું વર્ણન કરીશું.

(૧) આકા મીર સૈયદ મોહમ્મદ બહબહાની, જેઓ શેખ મુર્તુઝા અન્સારી (ર.અ.)ના એક શાર્ગીદ વડે નકલ કરે છે કે કરબલાએ મોઅલ્લામાં અર્ધી રાત પસાર થઇ ત્યારે હું હમામ (ગુસ્લ) માટે બહાર નિકળ્યો. બહાર બહુજ અંધારૂં હતું આથી ચિરાગ મારા હાથમાં હતો, મેં થોડે દૂર એક શખ્સને જોયો. જેવો હું તેમની નઝદીક ગયો ત્યારે ખબર પડી કે તેઓ શેખ મુર્તુઝા અન્સારી (ર.અ.) છે.

તેમને જોઇને મારી પરેશાની વધી ગઇ કે આટલી મોડી રાત્રે ઓછું દેખાતું હોવા છતાં આવા અંધારામાં આપ ક્યાં જઇ રહ્યા છે. ધીમે ધીમે હું આપની પાછળ પાછળ ચાલવા લાગ્યો. આપ ચાલતા ચાલતા એક મકાનના ખૂણા પાસે જઇને ઉભા રહી ગયા અને દરવાજાની પાસે ઉભા રહી આપે ખૂબજ ધ્યાનપૂર્વક ઝિયારતે જામેઆ પઢી અને પછી તે મકાનની અંદર દાખલ થયા. હું બધી બાબતો તો ન જોઇ શક્યો પરંતુ શેખ (ર.અ.)નો અવાજ સાંભળ્યો

જાણે કે તેઓ કોઇની સાથે વાતચીત કરી રહ્યા છે. પછી હું ગુસ્લ કરવા ગયો અને ત્યાર બાદ ઇમામે હુસૈન (અ.સ.)ના હરમમાં જઇ ઝિયારત કરી. તે મુસાફરી પછી જયારે નજફે અશરફમાં શેખ (ર.અ.)ની ખિદમતમાં પહોંચ્યો ત્યારે તે રાત્રિના બનાવ વિષે પુછયું. શરૂઆતમાં તેમણે કહેવાનો ઇન્કાર કર્યો, પરંતુ જયારે મેં વધારે આગ્રહ કર્યો ત્યારે ફરમાવ્યું :

જયારે ઇમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની ખિદમતમાં હાજર થવાની પરવાનગી મેળવી લીધી અને તે મકાનની પાસે (જે તને ખબર ન પડી) ગયો અને ઝિયારતે જામેઆ પઢી જયારે ફરી ઇજાઝત મળી ત્યારે હું ઇમામ (અ.સ.)ની ખિદમતમાં હાજર થયો અને મહત્ત્વના મસઅલાઓના ઉકેલ પુછયા ત્યારે ઇમામ (અ.સ.)એ મસઅલાઓના જવાબ આપ્યા. ત્યાર બાદ શેખ મુર્તુઝા (ર.અ.) એ મારાથી અહદ લીધો કે જ્યાં સુધી શેખ (ર.અ.) હયાત રહે ત્યાં સુધી આ બનાવને લોકોથી છૂપો રાખે અને કોઇને પણ બયાન ન કરે.

(ઝિન્દગાની અને શખ્સિયતે શેખ અન્સારી (ર.અ.), પાના નં. ૧૦૬, ઇનાયતે હઝરત મહદી એ મવઉદ બેઓલમાઅ વ મરાજેએ તકલીદ, પાના નં. ૮૭)

(૨) શેખ મુર્તુઝા (ર.અ.)ના જીવનમાં એક રસપ્રદ પ્રસંગ જોવા મળે છે. જયારે આયતુલ્લાહીલ ઉઝમા અલ્હાજ શેખ મોહમ્મદ હસન સાહેબ જવાહેર (ર.અ.)ની વફાત બાદ લોકોએ શેખ મુર્તુઝા (ર.અ.)ને મરજએ તકલીદ ગણ્યા અને તેમનાથી રીસાલા અને તવઝીહુલ મસાએલની માંગ કરી ત્યારે શેખ અન્સારી (ર.અ.)એ ફરમાવ્યું કે સૈયદુલ ઓલમા માઝન્દરાનીની હાજરીમાં મારી પાસે તવઝીહુલ મસાએલ નથી. તેઓ મારાથી અઅલમ છે અને અત્યારે તેઓ બાબુલમાં રહે છે. હું તેમની મૌજુદગીમાં મરજઇય્યત કબુલ નહીં કરૂં.

શેખ અન્સારી (ર.અ.)એ સૈયદુલ ઓલમા માઝન્દરાનીને કે જેઓ બાબુલમાં રહેતા હતા એક પત્ર લખ્યો, તેમાં વિનંતી કરી કે તેઓ નજફે અશરફ તશરીફ લાવે અને શીઆ હૌઝએ ઇલ્મીયાની સરદારી અને આગેવાની સંભાળી લ્યે.

સૈયદુ ઓલમાએ શેખ અન્સારી (ર.અ.)ને પત્રના જવાબમાં લખ્યું.

એ સાચું છે કે જયારે હું નજફે અશરફમાં હતો ત્યારે આપની સાથે મઝહબી વાર્તાલાપ કરતો હતો ત્યારે ફિકહમાં હું આપ કરતાં વધારે બળવાન હતો. પરંતુ હવે છેલ્લા ઘણા વર્ષોથી હું બાબુલમાં રહું છું. દર્સ આપવાનું પણ છોડી દીધું છે તથા મઝહબી વાર્તાલાપ પણ છોડી ચૂક્યો છું. આથી હું આપને મારી જાત કરતાં આઅલમ સ્વિકારૂં છું, માટે આપ પોતે મરજઇય્યત સ્વિકારી લો.

તેમ છતાં પણ શેખ અન્સારી (ર.અ.)એ કહ્યું કે હું મારી જાતને આ પદવી અને હોદ્દાને લાયક નથી સમજતો.

હા, અગર મારા આકા અને મૌલા ઇમામ વલીએ અસ્ર (અ.ત.ફ.શ.) મને ઇજતેહાદની પરવાનગી આપે અને આ હોદ્દા અને પદવી માટે મને નિયુક્ત કરે તો હું જરૂર કબુલ કરીશ.

પોતાની રોજીંદી ટેવ મુજબ એક દિવસ શેખ અન્સારી બેસીને પોતાના શાર્ગીદોને દર્સ આપી રહ્યા હતા એટલામાં એક એવી શખ્સિયત જાહેર થઇ કે જેમના ઇન્સાની ચહેરા પરથી અઝમત અને જલાલત જાહેર થતી હતી. તેમણે શેખ મુર્તઝા (ર.અ.)ને સંબોધીને એક સવાલ પુછયો.

એક ઔરત કે જેનો પતિ મસ્ખ (રૂપાંતર – અઝાબને લીધે પોતાની મૂળ વસ્તુમાંથી બીજા સ્વરૂપમાં ફેરવાઇ જવું.) થઇ ગયો હોય તેના વિષે આપનો શું મંતવ્ય છે? (જો કે આ મસઅલો કોઇ કિતાબમાં પણ મૌજુદ નથી કારણકે આ ઉમ્મતમાં મસ્ખ થઇ જવાનું અસ્તિત્વ નથી.)

આ કારણે શેખ અન્સારી (ર.અ.)એ જવાબ આપ્યો:

ફિકહની કિતાબોમાં આ મસઅલાને બયાન કરવામાં જ નથી આવ્યો આથી આ મસઅલાનો જવાબ હું નથી આપી શકતો. પેલા શખ્સે પુછયું કે તમે ધારો કે અગર આ ઉમ્મતમાં એક એવો બનાવ બને કે કોઇ ઔરતનો પતિ મસ્ખ થઇ ગયો છે તો એ ઔરતે શું કરવું જોઇએ?

શેખ મુર્તુઝા (ર.અ.)એ કહ્યું :

મારૂં મંતવ્ય (ફતવો) એ છે કે અગર મર્દ કોઇ

જાનવરના સ્વરૂપમાં મસ્ખ થયો છે તો તે ઔરતને તલાકનો ઇદ્દો પાળવો પડશે અને ઇદ્દાની મુદ્દત પછી તે નિકાહ કરી શકશે. કારણ કે તેનો પતિ જીવંત છે અને રૂહ પણ ધરાવે છે. પરંતુ અગર તેનો પતિ નિર્જીવ વસ્તુમાં મસ્ખ થયો હોય તો તેની ઔરતને વફાતનો ઇદ્દો પાળવો પડશે. કારણકે તેનો પતિ મુર્દાના સ્વરૂપમાં ફેરવાઇ ગયો છે. તે મુદ્દત પછી તે નિકાહ કરી શકે છે.

પેલા શખ્સે ત્રણ વખત ફરમાવ્યું :

*'તમે મુજતહિદ છો, તમે મુજતહિદ છો, તમે જ મુજતહિદ છો.'*

ત્યાર બાદ તે શખ્સ તે દર્સમાંથી ઉભા થયા અને બહાર નિકળી ગયા. શેખ અન્સારી (ર.અ.) જાણતા હતા કે તેઓ હઝરત વલીએ અસ્ર (અ.ત.ફ.શ.) હતા, અને તેમણેજ ઇજતેહાદની પરવાનગી આપી છે. આથી, તુરંતજ પોતાના શાર્ગીદોને આપ (અ.સ.)ની શોધખોળ માટે મોકલ્યા. શાર્ગીદો તુરંતજ ઉભા થઇ અને આમ તેમ શોધવા ગયા પરંતુ ઇમામ (અ.સ.) નજરોથી ગાએબ થઇ ચૂક્યા હતા. આ બનાવ બાદ શેખ અન્સારી (ર.અ.) લોકોને તવઝીહુલ મસાએલ આપવા માટે તૈયાર થયા કે જેથી લોકો તેમની તકલીદ કરે.

(ગંજિના એ દાનિશમંદાન, ભાગ - ૮)

આ પ્રસંગથી એ વાત સાબિત થાય છે કે ગયબતના આ સમયમાં ઇમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની મરજએ તકલીદ પર એક ખાસ એનાયત રહેલી છે અને ઇમામ (અ.સ.) મરજએ તકલીદની મદદ કરતા રહે છે.

## આપની લખેલી કિતાબો :

આપની લખેલી કિતાબોમાં એવી ઘણી કિતાબો છે જે હૌઝએ ઇલ્મીયામાં શીખવવામાં આવે છે. તેમના ફિકહી અને ઉસુલી આસાર વિદ્યાર્થીઓ માટે હિદાયતનો રસ્તો છે. ટૂંકાણને ધ્યાનમાં રાખીને અમૂક કિતાબોનો ઉલ્લેખ અહીં કરીએ છીએ.

૧. અલ ઇજતેહાદ વ તકલીદ
૨. ઉસુલે ફિકહ
૩. તકલીદુલ મૈયત વલ અઅલમ
૪. તકય્યહ
૫. અલ હાશીયાહ અલા કવાનીનુલ ઉસુલ
૬. અલ ખુમ્સ
૭. મનાસીકે હજ
૮. સલાતુલ જમાઅત
૯. અલ ગસ્બ
૧૦.અલ ફવાએદુલ ઉસુલીય્યહ
૧૧.અલ મુત્અહ
૧૨.અલ મકાસીબ
૧૩.અન નિકાહ
૧૪.અલ વસિય્યત વ એહકામેહા
૧૫.ફરાએદુલ ઉસુલ (રસાએલ)

## આપની વફાત :

આખરે એ તુટતા તારાઓની જેમ કે જેણે ફિકાહતના આસમાનને પ્રકાશિત કર્યું. જ્યારે આપની ઝિંદગીના ૬૮ વર્ષો વિતી ચુક્યા ત્યારે હક તઆલાની અવાજ પર લબ્બૈક કહીને શનિવારની રાત્રે, જમાદીઉલ આખર, હિ. સન. ૧૨૮૧માં આ ફના થવાવાળી દુનિયાથી હંમેશા બાકી રહેવાવાળી ઝિંદગી તરફ કૂચ કરી ગયા.

*ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલયહે રાજેઉન*

આ હદીસ આપના વિષે એકદમ બંધબેસતી છે કે :

*'જ્યારે કોઇ આલિમની મૌત થાય છે ત્યારે ઇસ્લામમાં એક ખાલી જગ્યા પડી જાય છે અને કયામતના દિવસ સુધી તે ખાલી જગ્યાને કોઇપણ વસ્તુ ભરી શકતી નથી.'*

આપના પવિત્ર શરીરને આપના દોસ્તો અને શાર્ગીદોએ મૌલાએ મુત્તકીયાન હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના (રોઝાના) સહેનમાં માટીના હવાલે કર્યું.

અંતમાં પરવરદિગારની બારગાહમાં દોઆ છે કે આપણને એહલેબૈત (અ.મુ.સ.)ની સિરત પર અમલ કરવાની નેક તૌફીક અતા કરે અને ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના ઝુહુરમાં જલ્દી કરે અને આપણને તેમના નાસીર અને મદદગારોમાં શુમાર ફરમાવે. ઇલાહી આમીન.

* * * * *

# ઈમામ મહદી (અ.સ.)ના સાથીદારોની ફઝીલત અને સિફતો

ખુદાની આ જમીન તેના નિખાલસ બંદાઓ વગરની કયારેય ખાલી નથી રહી તે એક હકીકત છે. માનવતાનો ઈતિહાસ એ વાતની સાક્ષી આપે છે કે અલ્લાહના નેક બંદાઓએ માત્ર તેની જ ઈબાદત કરી અને બીજા કોઈની પણ પરવા નથી કરી. સમાજના શક્તિશાળી અને સંપત્તિવાન લોકોએ તે લોકોની ઠેકડી ઉડાડી, તેઓને અપમાનિત કર્યા અને તેઓની સાથેના સંબંધો કાપી નાખ્યા. તેમ છતાં તેઓ તેમની નેકી અને ઈબાદતથી કયારેય ચલિત ન થયા. ઈતિહાસ એ પણ બતાવે છે કે કેટલીય કૌમોએ તો પોતાના નબીઓને કત્લ પણ કર્યા. એ જ નબીઓ કે જે તેઓને કાયમી પરેશાનીયોં અને મુસીબતોથી બચાવવા માટે આવ્યા હતા તેઓ જ પોતાની કૌમોના ઝુલ્મ અને અત્યાચારોના શિકાર બની ગયા. ટૂંકમાં એ કે આ દુનિયાના પટ ઉપર હંમેશા અત્યાચારીઓનું શાસન રહ્યું છે અને સદાચારી લોકો તેઓના ઝુલ્મનો શિકાર બનતા રહ્યા અને દુઃખ સહન કરતા રહ્યા. અમૂક લોકો એવા પણ હતા કે જેમણે તે અત્યાચારી શાસનની સામે અવાજ બુલંદ કર્યો. પરંતુ આખરે તેઓના અવાજને પણ દબાવી દેવામાં આવ્યો અને તેઓના અસ્તિત્વને આ દુનિયામાંથી મિટાવી દેવામાં આવ્યું.

કુરઆન આવા લોકો વિષે એલાન કરી રહ્યું છે.

*''નિસંશય જે લોકો અલ્લાહની નિશાનીઓનો ઈન્કાર કરે છે અને નબીઓને નાહક મારી નાખે છે અને તેઓને (પણ) મારી નાખે છે કે જેઓ અદ્‌લ ઈન્સાફની આજ્ઞા કરે છે તો તેઓને (હે રસુલ!) દુઃખદાયક શિક્ષાની ખુશખબર સંભળાવો.''*

(સુરએ આલે ઈમરાન : ૨૧)

આ મઝલુમ કૌમો જ્યારે ઝુલ્મના બોજાને ઉપાડતા ઉપાડતા થાકી જતી હતી અને તેઓના ઝમાનાના નબીને ફરિયાદ કરતી ત્યારે તેઓના નબી તેઓને વારંવાર ધીરજ ધરવા કહેતા અને ખુશખબર આપતા કે એક દિવસ આ દુનિયાની હુકુમત નેક લોકોના હાથમાં હશે. જેમકે સુરએ અઅરાફની આયત ૧૨૮માં હઝરત મુસા (અ.સ.)ના કિસ્સામાં જોવા મળે છે.

*''મુસાએ પોતાની કૌમને ફરમાવ્યું કે તમે અલ્લાહ પાસે મદદ માંગો અને ધીરજ રાખો; બેશક આ સર્વ ભૂમિ અલ્લાહનીજ છે, તે પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેને તેનો વારસ બનાવે છે; અને (ઉત્તમ) પરિણામ પરહેઝગારો માટે જ છે.''*

આ કોણ લોકો છે જેઓને અલ્લાહે દુનિયાના વારસદાર અને માલિક બનાવ્યા છે? કુરઆને તે લોકોની પ્રસંશા જુદી જુદી જગ્યાએ કરી છે. તફસીરોનો અભ્યાસ કરવાથી સ્પષ્ટ રીતે જણાય આવે છે કે આ લોકો ઈમામ મહદી (અ.સ.)ના અસ્હાબો છે. જેઓના વિષે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવે છે.

*'ઈમામ મહદી (અ.સ.)ના સાથીદારો તે મર્દ લોકો હશે જેઓ અલ્લાહની મઅરેફત એ રીતે ધરાવતા હશે જે રીતે મઅરેફત ધરાવવાનો હક છે.'*

(કન્ઝુલ ઉમ્માલ : પાના નં. ૩૪, હ. ૪)

આજ સાથીદારોના બારામાં કુરઆન દર્શાવે છે.

*''(લૂતે) કહ્યું કે કદાચને તમારી સામે થવાની મારામાં શક્તિ હોત અથવા મેં કોઈ મજબુત સ્તંભનો આશરો લીધો હોત (તો કેવું સારૂ થાત)!''*

(સુરએ હુદ : ૮૦)

આ આયતની તફસીરમાં ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે કે શક્તિનો અર્થ (ઈમામ) કાએમ (અ.સ.) છે.

અને રૂકને શદીદથી મુરાદ કાએમ (અ.સ.)ના અસ્હાબોની શક્તિ છે.

*'તેઓમાંના દરેક મર્દને ચાલીસ લોકોની તાકાત આપવામાં આવી છે અને તેઓના દિલ લોખંડથી પણ વધુ સખત છે. તેઓ પોતાની તલવારો એ સમય સુધી મ્યાનમાં નહિં રાખે જ્યાં સુધી કે ખુદા તેઓથી રાજી ન થઈ જાય.'*

(કમાલુદ્દીન, ભાગ-૨, પાના નં. ૬૭૩, હ. ૨૬, પ્રકરણઃ૫૮)

આ તે ચુંટાએલી વ્યક્તિઓ હશે જેઓને રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાના ભાઇ કહ્યા છે અને પોતાના વફાદાર સાથીઓથી અફઝલ ગણ્યા છે. જેમ કે આપ દોઆ કરે છે.

*'યા અલ્લાહ! મને મારા ભાઈઓ સાથે મેળવી દે.'*

આપના અસ્હાબોએ પુછયું યા રસુલુલ્લાહ! શું અમે આપના ભાઇ નથી? આપે જવાબ આપ્યો નહિં, તમે મારા અસ્હાબ છો. મારા ભાઇ એક કૌમ છે જે આખર ઝમાનામાં મારા ઉપર ઇમાન ધરાવતી હશે એ છતાં કે તેઓએ મને જોયો નહિં હોય. .... પછી આપે તેઓની ફઝીલત વર્ણવી.

(બેહારૂલ અન્વાર, ભાગ - ૫૨, પાના નં. ૧૨૫)

રાવિ કહે છે કે અમે ઇમામ સાદિક (અ.સ.)ની સાથે હતા ત્યારે ઇમામ મહદી (અ.સ.)ના સાથીદારો બાબત વાત થઇ. આપે ફરમાવ્યું :

*'ત્રણસો તેર વ્યક્તિઓ છે અને દરેક પોતાની અંદર ત્રણસો વ્યક્તિઓની શક્તિ મેળવશે.'*

(મુન્તખબુલ અસ્ર : ૪૮૫)

વધુમાં તફસીરમાં જોવા મળે છે. 'અલ્લઝીન યુઅમેનુન બીલ્ગૈબ'ના અનુસંધાનમાં એક લાંબી હદીસ છે જે રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવી છે. અંતમાં એક જુન્દબ નામના યહુદીના સવાલનો જવાબ આપતા ફરમાવ્યું કેઃ

*'તેમની ગયબતમાં ધીરજ ધરનારાઓ સફળ છે. તેમની સાથેની પરહેઝગાર વ્યક્તિઓ સફળ છે.*

*આ એજ લોકો છે જેમની સિફત અલ્લાહે તેની કિતાબમાં આ રીતે વર્ણવી છે. જે લોકો ગય્બ ઉપર ઈમાન ધરાવે છે અને એ કે આજ લોકો અલ્લાહનો સમૂહ છે. જાણી લો કે અલ્લાહનો સમૂહ જ વિજયી છે.'*

(અલ ગયબહ, કેફાયતુલ અસ્ર,પા.૫૬, અલ બુરહાન,૩/ ૧૪૬, યનાબીઉલ મવદ્દહ, પાના નં. ૪૪૨)

## (૨) અલ્લાહના દોસ્તો :

સુરએ યુનુસની આયત ૪૨ની તફસીરમાં ઇમામ સાદિક (અ.સ.) તેમના એક સહાબીને ફરમાવે છે.

*'અય અબુ બસીર! અમારા કાએમના શીઆઓ માટે ખુશખબર છે કે જેઓ તેમની ગયબતમાં તેમનો ઝુહુરના મુન્તઝીર હોય અને તેમના ઝુહુર પછી તેમનું અનુસરણ કરનારા હશે. આ જ તે લોકો છે જે અલ્લાહના દોસ્ત છે. જેઓને કોઈ ભય કે દિલગીરી નહિં હોય.'*

(નુરૂસ સકલયન, ભાગ - ૧, પાના નં. ૭૮૧, યનાબીઉલ મોવદ્દત, પાના નં. ૪૨૨, ઇસ્બાતુલ હોદા, ભાગ - ૩, પાના નં. ૭૫, અલ બુરહાન, ભાગ - ૧, પાના નં. ૫૬૪, અસ્સાફી, ભાગ - ૨, પાના નં. ૧૭૩)

ઇમામ મહદી (અ.સ.)ના સાથીદારોના બારામાં ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

*'જ્યારે તમારામાંથી કોઇ એક સવારે ઉઠશે ત્યારે તેના માથા નીચે એક કિતાબ હશે જેના ઉપર લખ્યું હશે 'તાઅતુમ મઅરૂફહ' (મશ્હુર ઇતાઅતવાળો).'*

(ઇસ્બાતુલ હોદ્દા, ભાગ - ૩, પા. ૫૮૨, નુરૂસ સકલયન, ભાગ - ૩, પાના નં. ૬૧૬, મુન્તખબુલ અસ્ર, પાના નં. ૪૪૦, કમાલુદ્દીન, ભાગ - ૨, પાના નં. ૬૫૪)

અર્થાત તેમની તાબેદારી એક મશ્હુર બાબત હશે. તેનો ઝીક્ર કુરઆનમાં સુરએ નુરની આયત ૫૩માં આ મુજબ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત તેમની તાબેદારીનો ઝીક્ર સુરએ મરયમની આયત ૭૫-૭૬માં અને સુરએ જીનની આયત ૨૪માં પણ જોવા મળે છે. આ આયતોની નીચે ઇમામ સાદિક (અ.સ.)થી આ હદીસ નકલ થઇ છે.

*'જ્યાં સુધી અલ્લાહના આ કથનની વાત છે ત્યાં સુધી કે તેઓ એ ચીજોને જોશે જેનો તેઓની*

*સાથે વાયદો કરવામાં આવ્યો હતો. તો તે ચીજ કાએમ (અ.સ.)નો ઝુહુર હશે.... પછી રાવીએ સવાલ કર્યો. અને ખુદાના તે કથનનો શું અર્થ છે કે અલ્લાહ તે હિદાયત પામેલા લોકોની હિદાયતમાં વધારો કરશે. આપે જવાબ આપ્યો : તે દિવસે અલ્લાહ તેઓની હિદાયતને વધારી દેશે એટલા માટે કે તેઓ કાએમ (અ.સ.)ની તાબેદારી કરશે. ન તો તેમનો ઈન્કાર કરશે ન તેમની સાથે કોઈ વાત ઉપર વાદ-વિવાદ કરશે.'*

(અલ કાફી, ભાગ - ૧, પાના નં. ૪૩, અસ્સાફી, ભાગ - ૩, પાના નં. ૨૯૧, અલ બુરહાન, ભાગ - ૩, પાના નં. ૨૦, નુરૂસ સકલયન, ભાગ - ૩, પાના નં. ૩૫૫, ઈસ્સબાતુલ હોદ્દા, ભાગ - ૩, પાના નં. ૪૪૭)

## (૩) ખુદાના મહેબુબ

કુરઆને કરીમમાં આ સાથીદારોની પ્રસંશામાં આ વાક્યો પણ મળે છે.

*''અલ્લાહ નજદીકમાં એવા લોકોને લાવી હાજર કરશે કે જેમને તે દોસ્ત રાખતો હશે અને તેઓ અલ્લાહને દોસ્ત રાખતા હશે; મોઅમીનો તરફ તેઓ નમ્ર હશે (અને) કાફીરો તરફ સખત.''*

(સુરએ માએદહ : ૫૪)

આ આયતની તફસીરમાં ઈમામ સાદિક (અ.સ.)ની આ રિવાયત જોવા મળે છે.

*'ખરેખર અલ્લાહે સાહેબે અમ્ર (ઈમામ મહદી અ.સ.) માટે તેમના સાથીદારોને ચૂંટી કાઢ્યા છેઃ અગર બધા ઈન્સાનો તેમનો સાથ છોડી દે તો પણ અલ્લાહ તેઓના માટે સાથીદારોને ભેગા કરશે. જેઓના માટે તેણે કહી દીધું છે. પછી અગર તેઓ તેનો ઈન્કાર કરી દે તો અમે એક કૌમને ચૂંટી કાઢીશું જે કુફ્ર નહિં કરે અને આ જ તેઓ છે જેઓના વિષે બયાન કરવામાં આવ્યું છે કેઃ આ રીતે ખૂબજ જલ્દી અલ્લાહ એક કૌમને જાહેર કરશે જે તેને પ્રિય હશે અને તેઓ અલ્લાહને મોહબ્બત કરતા હશે. મોઅમીનો ઉપર મહેરબાન હશે અને કાફીરો ઉપર કઠોર હશે.'*

(અલ બુરહાન, ભાગ - ૧, પાના નં. ૪૭૮, બેહારૂલ અન્વાર, ભાગ - ૫૨, પાના નં. ૩૮૦, યનાબીઉલ મોવદ્દત, પાના નં. ૪૨૨, ગયબતે નોઅમાની, પાના નં. ૩૧૬)

આવી જ રીતે તફસીરે કુમ્મીમાં આ શબ્દો જોવા મળે છે કે:

*'આ તે લોકો હતા કે જેઓ રસુલ (સ.અ.વ.)ના અસ્હાબો હતા અને તે લોકોએ આલે મોહમ્મદ (અ.સ.)નો હક ગસબ કર્યો અને દીનથી મુરતદ થઈ ગયા. આ રીતે ખુદને કાયમી અઝાબમાં નાખી દીધા. રસુલ (સ.અ.વ.)ની વફાતના દિવસથી લઈને આજ સુધી એહલેબૈતે અત્હાર (અ.મુ.સ.)ને તેઓના હકથી વંચિત રાખવામાં આવ્યા છે. તેમના કુટુંબીજનો અને ચાહનારાઓને સતાવવામાં આવ્યા અને માત્ર તેઓની મોહબ્બતના ગુનાહમાં કત્લ કરવામાં આવ્યા. આ રીતે આલે મોહમ્મદ (અ.સ.) ઉપર દરેક ઝમાનામાં અત્યાચાર ગુજારવામાં આવ્યો અને આ ઝુલ્મોનો બદલો અને ખૂનનો બદલો આખર ઝમાનામાં ઈમામ મહદી (અ.સ.) અને તેમના સાથીદારો લેશે. આ બીજો સમૂહ છે જેનું વર્ણન આ હદીસોમાં કરવામાં આવ્યું છે.*

*અલ્લાહે આ બીજા સમૂહના પાંચ સદ્ગુણો વર્ણવ્યા છે. સૌપ્રથમ તેઓ આલે મોહમ્મદ (અ.સ.)ના હકનો ઈન્કાર નહિં કરે. તેઓના મહાન દરજ્જા મરતબા અને હુકમોને નતમસ્તકે સ્વિકારશે. બીજું એ કે અલ્લાહ તેઓની સાથે મોહબ્બત કરે છે અને આ લોકો પણ અલ્લાહ સાથે મોહબ્બત કરે છે. આ જ ઈમાનની નિશાની છે. ત્રીજું તેઓ મોઅમીનો ઉપર મહેરબાન હશે અને કાફીરો ઉપર કઠોર હશે. એટલેકે જ્યારે મોઅમીનોને મળશે ત્યારે હળવાશ અને નમ્રતાથી અને કાફીરો (આલે મોહમ્મદ (સ.અ.વ.)ના દુશ્મનો)ની કોઈ દરકાર નહિં કરે. ચોથો સદ્ગુણ એ છે કે તેઓ ખુદાની રાહમાં જેહાદ કરશે. જેહાદનો અર્થ ફક્ત લડાઈ નહિં પરંતુ સંઘર્ષ કરશે અને મુશ્કેલીઓનો સામનો કરશે. અને છેલ્લો સદ્ગુણ એ કે ટીકા ટીપ્પણી કરનાર અને ધાક ધમકી આપનારની ધમકી તેઓને ડરાવશે નહિં. તેઓ પોતાના ઈમાન અને અમલ ઉપર અડગ રહેશે. પછી ભલે કોઈને ગમે તેટલું ખરાબ કેમ ન લાગે.'*

### ૪. મઝલુમ :

ઇમામ મહદી (અ.સ.)ના સાથીદારોને કુરઆનમાં શબ્દ મઝલુમથી પણ યાદ કરવામાં આવ્યા છે.

*"તે લોકોને - કે જેમનાથી લડાઇ કરવામાં આવે છે- તેમને (જેહાદની) રજા આપવામાં આવી છે કારણકે તેમના પર ઝુલ્મ કરવામાં આવ્યો છે; અને બેશક અલ્લાહ તેમને મદદ કરવાને સંપૂર્ણ શક્તિવાન છે :"*

(સુરએ હજ : ૩૯)

આ આયતના બારામાં ઇમામ બાકિર (અ.સ.) ફરમાવે છે.

*'આ આયત કાએમ (અ.સ.) અને તેમના સાથીદારોના બારામાં છે.'*

(તાવીલુલ આયાત, ભાગ - ૧, પાના નં. ૩૩૮, બુરહાન ૧/ ૯૩, બેહારૂલ અન્વાર, ભાગ - ૨૪, પાના નં. ૨૨૫, ઇસ્બાતુલ હોદા, ભાગ - ૩, પાના ન. ૫૬૩)

### ૫. રક્ષણ આપનાર હરમ :

હરમ શબ્દ સામાન્ય રીતે મસ્જીદે નબવી અને ખાનએ કા'બા માટે વપરાય છે. એવી જ રીતે મક્કા શહેરને પણ કુરઆને બલદુલ અમીન (અમીનનું શહેર)ના નામથી યાદ કર્યું છે. આ એવી જગ્યાઓ છે કે જ્યાં એક માખી અથવા મચ્છરને પણ મારવાનું હરામ છે. આ સ્થળો સમગ્ર સર્જનો માટે સલામતિની જગ્યા છે. જ્યારે રસુલ (સ.અ.વ.)એ મક્કા ઉપર વિજય મેળવ્યો ત્યારે આપે આ એલાન કરાવ્યુ હતું કે જે કોઇપણ ખાનએ ખુદામાં અથવા મારા સગાઓ અથવા મુસલમાનોના ઘરોમાં આશ્રય લેશે તેને સલામતિ મળશે. આ રીતે લોહીનું એક ટીપું પણ વહાવ્યા વગર મક્કા ઉપર વિજય થયો. અગર આપણે કુરઆનની આયતોનો અભ્યાસ કરીએ તો જાણવા મળે છે કે હઝરત ઇમામ મહદી (અ.સ.)ના ઝુહુરનો સમય જ્યારે નજીક આવશે ત્યારે દુનિયા ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે. ગુનાહો વારંવાર કરવામાં આવશે એટલુંજ નહિં બલ્કે ગુનાહને ગુનાહ તરીકે ગણવામાં પણ નહિં આવે. મોઅમીનો અને નિખાલસ બંદાઓની મજાક ઉડાવવામાં આવશે. જુહ્હાઓ અને મૂર્ખ લોકોના હાથોમાં હુકુમત હશે. ખરાબ કાર્યો કરવા સામાન્ય બાબત બની ગયા હશે. ઉપરાંત બિમારીઓ, અકસ્માતો વિગેરે દરરોજ બનવાવાળા બનાવો હશે. ખૂના મરકી અને આતંકવાદ ચારે તરફ જોવા મળશે. કોઇ શહેર અથવા કોઇ જગ્યા કુદરતી કે માનવ સર્જિત આફતોથી મુક્ત નહિં હોય. જ્યારે હઝરતનો ઝુહુર થશે ત્યારે આપ (અ.સ.) પોતાના સાથીદારોની સાથે દુનિયાને ઝુલ્મ અને કુફ્રની નજાસતથી પાક કરશે.

ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે કે આ આયત :

*'અમારા કાએમ (અ.સ.) અને તેમના સાથીદારોના બારામાં છે જે કોઇપણ તેમની બયઅત કરશે અને તેમના સમૂહમાં ભળી જશે તેને રક્ષણ મળશે.'*

(એલલુશ્શરાએઅ, પાના નં. ૮૯, અસ્સાફી, ભાગ - ૧, પાના નં. ૩૫૧, હીલયતુલ અબ્રાર, ભાગ - ૨, પાના નં. ૧૪૮, અલ બુરહાન, ભાગ - ૧, પાના નં. ૨૯૯, બેહારૂલ અન્વાર, ભાગ - ૨, પાના નં. ૨૯૧, નુરૂસ સકલૈન, ભાગ - ૧, પાના નં. ૩૬૯, અલ અવાલીમ, ભાગ - ૩, પાના નં. ૬૧૩)

### ૬. ઉમ્મતુમ મઅદુદતુનઃએક મર્યાદિત ઉમ્મતઃ

ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.)થી નકલ કરવામાં આવેલી એક હદીસમાં મહદી (અ.સ.)ના સાથીદારો માટે શબ્દ ઉમ્મતુન મઅદુદહ વપરાયો છે.

*"કાએમ (અ.સ.)ના અસ્હાબોમાં ત્રણસો દસથી થોડા વધુ પુરૂષો છે. જેના બારામાં અલ્લાહે પોતાની કિતાબમાં ઉમ્મતુમ મઅદુદહ શબ્દનો ઉપયોગ કરેલ છે."*

(સુરએ હુદ : ૮)

પછી આપ (અ.સ.)એ ફરમાવ્યું :

*'તેઓને એકજ પળમાં ભેગા કરવામાં આવશે જેવી રીતે વરસાદના વાદળો ભેગા થઇ જાય છે.'*

(અલ અય્યાશી, ભાગ - ૩, પાના નં. ૫૭)

કિતાબ તાવીલુલ આયાતમાં આ આયતની નીચે ઇમામ સાદિક (અ.સ.)થી રિવાયત મળે છે.

(અનુસંધાન પાના નં. ૯ ઉપર)

અનુસંધાન પાના નં. ૩૦થી આગળ

૧. મને મારા ખુદાએ ખબર આપી છે.

*'મેં આપના ઝીક્રને આપના માટે બુલંદ કર્યો છે આપના જમાઇ અલી (અ.સ.)ના થકી.'*

(બેહારૂલ અન્વાર, ભાગ - ૩૬, પાના નં. : ૧૧૬)

૨. 'હું અને અલી એકજ નૂરમાંથી છીએ.'

૩. 'અય અલી! મારૂં માંસ અને પીઠ તમારૂં માંસ અને પીઠ છે.'

૪. 'અય અલી, મારા લોહીમાં ઇમાન જે રીતે ભળી ગયું છે તેવી જ રીતે તમારા ખુનમાં પણ.'

૫. 'અય અલી, અગર તમે ન હોત તો મારા પછી મોઅમીનોની ઓળખ ન થાત.'

૬. 'અલી હકની સાથે છે અને હક અલીની સાથે.'

(દોઆએ નુદબા)

તેમજ ગદીરે ખુમમાં ફરમાવ્યું :

૭. 'મારા પછી મારા બાર વારસદાર થશે જેમાં પહેલા અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.) અને અંતિમ મહદી (અ.સ.) થશે.'

૮. પછી પોતાની આગાહીમાં ફરમાવ્યું :

*'અમારા અંતિમ જાનશીનની એક લાંબી ગયબત હશે. તેનું નામ મારૂં નામ હશે. તેની કુન્નિયત મારી કુન્નિયત હશે. તે જ્યારે જાહેર થશે ત્યારે દુનિયામાં ન્યાય અને ઇન્સાફ એવી રીતે સ્થાપિત કરી દેશે જે રીતે આ દુનિયા ઝુલ્મ અને અત્યાચારથી ભરપૂર હશે.'* (દોઆએ નુદબા)

ખુદાવંદે કરીમે ફરમાવ્યું :

*''જ્યારે આ દુનિયા, મૃતઃપાય થઇ જશે (ત્યારે તે પોતાની સંપૂર્ણ કુદરતથી) આ દુનિયાને જીવંત કરશે.''*

અને પછી ખુદાવંદે કરીમે પોતાના ખાસ બંદાઓને જાણ કરી દીધી કેઃ

*''જો તમે મોઅમીનમાંથી છો તો બકીય્યતુલ્લાહ તમારા માટે ખૈર છે.''*

ખુદાવંદે મોતઆલે રસુલે અકરમ (સ.અ.વ.)ના ઝીક્રને ઉંચાઇઓની બધી કક્ષાઓ ઉપર સ્થાપિત કરી દીધા છે અને આજ ઉચ્ચતમ મંઝીલો તરફ અલ્લાહ તબારક વ તઆલાએ ઇમામ હુસૈન (અ.સ.) માટે ફરમાવ્યું :

*''અય નફસે મુત્મઈન્નહ! તારા માલિક તરફ પાછો ફર, એટલે એ મંઝીલોની તરફ જેને ખુદાવંદે મોતઆલે સર્વોત્તમ ઉચ્ચતા આપી છે.''*

રસુલ (સ.અ.વ.)એ વધુમાં જણાવ્યુંઃ

*'ઇન્તેઝાર કરો.'*

અર્થાત એ દિવસ નજીક છે જ્યારે મહદી આખેરૂઝઝમાન (અ.સ.)નો ઝુહુર થશે. બની બેઠેલા ફકીહો, ખયાનત કરવાવાળા ઇતિહાસકારો, નાણાંથી ખરીદાએલા હદીસકારો અને આલે મોહમ્મદ (સ.અ.વ.)ના ફઝાએલમાં કમી કરવાવાળા ફીત્નાકારીઓ જે ઇસ્લામની સુરતને બદલવા માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. પરંતુ જે કદી થઇ શકશે નહિં, આતંકવાદને ઇસ્લામની પાકીઝા શરીઅતના રક્ષણહાર સમજી રહ્યા છે તેઓ પોત પોતાના ચારિત્ર્યની સજા સુધી પહોંચી જશે. આ આતંકવાદીઓ કેવા લોકો છે? તેઓનો મઝહબ ક્યો છે? ક્યાંક જીવ સટોસટની રમત રમનારા વેચાવ માલની જેવા હોય છે!!

શું તે ફરઝંદે રસુલ (સ.અ.વ.) જે આપણી આશાઓનું કેન્દ્ર છે અને આપણા ઝમાનાના ઇમામ છે. જેમના ઝીક્રને ખુદાવંદે આલમે ઉચ્ચતા બક્ષી છે. શું તેઓ ઇરાકની બરબાદી અને ખૂનરેઝી નથી જોઇ રહ્યા? તે કે જે આસમાનના રહસ્યોને જાણે છે તે શું હવે પછી આવનાર ભવિષ્યના ઝમાનાથી સારી રીતે માહિતગાર નથી? શું તે કે જે શરાફત અને ઇન્સાનીયતના ઇમામ છે તે ઝુલ્મોથી અજાણ છે કે જે ઝાલીમોના હાથે થઇ રહ્યા છે? અને જેઓ શાંતિની વાત કરીને દુનિયામાં હલચલ મચાવી રહ્યા છે?

કસમ છે એ લોહી ભીની સવારની કે જે ઇરાકમાં ઉગે છે અને તે કણસતી સાંજની જે શીઆઓની વસ્તીમાં તેના સમય ઉપર આવે છે અને ચાલી જાય છે. તે કે જે ઝમાનાના મહદી છે તેઓ મઝલુમોની એક એક કણસનો બદલો ઝાલીમો પાસેથી લેશે અને તેઓને પોતાની તલ્વારનું પાણી પીવડાવશે. અય મારા ઇમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)! એક નજર તમારા દાદાની આરામગાહ ઉપર કરો. આપને આપના દાદાના ઝીક્રની ઉચ્ચતાનો, માન - મોભાનો વાસ્તો કે જેનો વારસો ખુદાવંદે મોતઆલે આપને અર્પણ કર્યો છે અને જે ચાદરની નીચે આપનો ઝીક્ર સવાર અને સાંજ નૂર બનીને ફેલાઇ રહ્યો છે. તમારા દાદાના હરમની પાસે વસનારા પિડીત મજુરો, શ્રમજીવીઓ, અત્યાચાર સહન કરનારાઓ અને કંગાળોની મદદ કરો.

અમારા સૌની હરપળ આજ દોઆ છે કે અલ્લાહ ઇમામે ઝમાના (અ.સ.) પુરનુર ઝુહુરમાં જલ્દી કરે અને તેમના ગુલામોમાં આપણો શુમાર કરે.

★ ★ ★ ★ ★

# અને અમે આપના ઝીક્રને આપના માટે બુલંદ કર્યો.

વાત જ્યારે બુઝુર્ગીની થાય છે, પ્રગતિ અને ઉચ્ચતાની થાય છે ત્યારે માનવીની ચિંતન અને મનનની શક્તિ કોઇ નુક્તાથી શરૂ કરીને કોઇ અંત અથવા ઉચ્ચતાના માપદંડની શોધમાં સફર કરવા લાગે છે. પરંતુ દરેકની શક્તિ મુજબ વિચારોની ઉડ્ડયનના બાઝ અને પાંખો સાથ આપે છે. જેના પછી તેની પાંખો તૂટી તૂટીને નીચે પડવા લાગે છે અને એક છુપા હલનચલન સિવાય ઉડ્ડયનની તાકાતમાં કાંઇ બાકી રહેતું નથી અને જો કોઇ બહાનું બાકી રહી જાય છે તો તે હયરત અને અચંબો છે. ઉંચાઇ સંકોચાઇ જાય છે ત્યારે કોઇ અજાણ્યા કેન્દ્રની સીમાની કલ્પના આપે છે અને જ્યારે ફેલાઇ જાય છે તો દરેક ચીજ ઉપર છવાઇ જાય છે. જે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની પરિપૂર્ણ કુદરતના યકીનની ખીણોને પ્રકાશિત કરી દે છે. જ્યાં માનવી પોતાની ચિંતન અને મનનની પુરતી પુનરાવર્તન કરતો રહે છે. અને તે અલ્લાહની બારગાહમાં હાથ ઉંચા કરીને કહે છે.

*'અય મારા અલ્લાહ હું તારી આ રહેમતનો વાસ્તો આપીને સવાલ કરૂં છું કે જે તમામ વસ્તુઓ ઉપર છવાએલી છે.'*

તે સૃષ્ટિનો સર્જનહાર જે સાંભળનારાઓમાં શ્રેષ્ઠ સાંભળનાર છે અને જોનારામાં શ્રેષ્ઠ જોનાર છે. જેની હમ્દ અને પ્રસંશામાં દુનિયાઓના પ્યારા મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) એ ફરમાવ્યું છે.

*'અય અલ્લાહ તબારક વ તઆલા, તું એ છો કે જે સૌને જોઇ રહ્યો છો અને તું એ છો કે જેને કોઇ જોઇ શકતું નથી અને તારી ઝાત ઘણીજ ઉચ્ચતમ છે અને છેવટે નિ:શંક સૌ તારી તરફ પાછા ફરશે.'*

વહીના શબ્દોમાંથી નિકળેલા આ વાક્યો સૂચવે છે કે તેની ઝાત એટલી ઉચ્ચતમ છે કે માનવીની ચિંતન અને મનની શક્તિ તેની સરખામણીમાં ઘણી નિમ્ન છે. એટલે કે દરેક નિમ્ન અને ઉચ્ચ ઉપર તેની દ્રષ્ટિ છે. તે સૃષ્ટિના કણે કણ ઉપર ધ્યાન રાખે છે અને કોઇપણ સર્જનમાં તેને જોઇ શકવાની શક્તિ નથી.

ખુદાવંદે તઆલાએ માનવીને બુદ્ધિ જેવી નેઅમત આપી અને તેની ઉંડાઇઓમાં પોતાની તરફ ધ્યાન દોરવા માટે એક નૂરની શમા પ્રગટાવી દીધી. તેના રક્ષણ માટે નબીઓ અને વસીઓની હિદાયતને તેનું ફાનસ બનાવ્યું. આટલી વ્યવસ્થા ગોઠવ્યા પછી માનવીને ધરતી ઉપર તેની લાયકાત મુજબનું રીઝક આપી તેને ખુદમુખ્તારી અતા કરી અને પછી ફરમાવ્યું: અય ઇન્સાન! તું હવે ચાહે તો શુક્ર કરનારાઓની હરોળમાં ચાલ્યો જા અથવા ચાહે તો ઇન્કાર કરનારાઓ દ્વારા ગરદન ઉંચકવાને પોતાના જીવનનો હેતુ બનાવી લે.

આ એક સ્પષ્ટ હકીકત છે કે દરેક વસ્તુ પોતાના કેન્દ્ર તરફ પાછી ફરે છે. જેના માટે વહીના માલિકે ફરમાવ્યું છે કે અય અલ્લાહ તઆલા! દરેક વસ્તુનુ પાછા ફરવું તારીજ તરફ પૂર્ણ થશે.

આ વાક્યમાં શુક્ર કરનાર અને કાફિર બંનેના પાછા ફરવાનો નિર્દેશ છે.

આ પ્રસ્તાવના હેઠળ જરા દુનિયાની તરફ ઉંચી મંઝીલો ઉપર વિચાર કરો. જે બુદ્ધિ અને અક્કલને હયરત અને આશ્ચર્યના વાતાવરણમાં એક છલાંગની કલ્પના ઉપસાવે છે અને તે ધરીની આસપાસ ફર્યા કરે છે. જ્યાં અભિમાની માનવી કહી રહ્યો હોય છે કે જો હવે હું શું છું? હવે હું શું છું? હવે હું શું છું? આ 'હું' (સ્વ) એ તેને એટલો નશીલો કરી દીધો છે કે તે ખરાબીમાં એટલો આગળ વધી ચૂક્યો છે કે તે સમય દૂર નથી કે જ્યારે જીંદગીના તારમાંથી આગની જવાળાઓ ભડકવા લાગે છે.

આ આશ્ચર્ય પમાડનારી માનવીની પ્રગતિની નજરો બલંદીયો તરફ ત્યાં સુધી પહોંચી છે કે ઇન્સાન વાતાવરણથી આગળ વધીને ત્યાં સૅટેલાઇટ સ્થાપિત કરીને દુનિયાના ખૂણે ખૂણાના દ્રશ્યો પોતાના કોમ્પ્યુટર ઉપર બેસીને જોઇ રહ્યો છે. દુનિયાનો ખૂણે ખૂણો તેની નજરોથી છુપાએલો નથી. માનવી ગ્રહો ઉપર ઉતરવાનો સંઘર્ષ કરવામાં એટલી ઉંચાઇ સુધી પહોંચી ચૂક્યો છે કે તેને એક ગ્રહ (મંગળ)ના ભુસ્તરીય પરિસ્થિતિના

સંશોધનમાં દરરોજ અક્કલને ચોંકાવનારી હકીકતોનો ઉમેરો થતો રહે છે. આ બધી દોડધામ અને સમગ્ર ધ્યાનનું કેન્દ્ર ઉચ્ચતમ ઉંચાઇ ઉપર પોત પોતાનો ધ્વજ ફરકાવવાનું છે. કોઇ કેન્દ્રીય સ્થળ કે જે વાતાવરણ અને અવકાશમાં હોય કે આ જમીનની સપાટી ઉપર તે આ દુનિયા ઉપર કબ્જો કરવાનો પાયો બની શકે છે અને આ વિચારશ્રેણી રોજબરોજ મજબુત થતી જાય છે. પરંતુ તેઓ કદાચ એ ભૂલી રહ્યા છે કે આ સ્પર્ધાની દોડમાં તે જમીન જ્યાંથી ઉંચાઇઓ ઉપર જવાની સફર શરૂ થાય છે તેની કેવી હાલત થશે? કદાચ આજ પાયો ડગમગવા ન લાગે. આથી દરરોજ વર્તમાન પત્રોમાં આવી રહ્યું છે કે આજે હવામાન ખરાબ થતું જાય છે. સૂર્યના પરાવર્તનમાં ફેરફાર થતો હોવાની નિશાનીઓ જોવા મળે છે. જમીનના પેટાળમાં પરિવર્તનની અસરો જાહેર થઇ રહી છે. ટૂંકમાં અલ્લામા ઇકબાલના કથન મુજબ 'ઉરૂજે આદમે ખાકી સે અંજુમ સહમ જાતે હય.' આ એક કવિનો વિચાર છે તેમ છતાં તેના રંગરાગમાં આ હકીકત સ્પષ્ટ છે કે માનવી બલંદીઓની સફરમાં એટલો ઝડપી બની ગયો છે કે જેનાથી બુદ્ધિ હેરાન છે. એટલે સુધી કે તેને કોઇ માપદંડથી આ સફરની માપણી સિવાય તેની પાસે બીજો કોઇ વિકલ્પ નથી. આ માટી પગો માનવી ગમે તેટલી ઉંચાઇ ઉપર જાય પરંતુ તેની મર્યાદાનું માપદંડ તેની સામે રહે છે તેથી તેને અનંત સુધી લઇ જઇ શકાશે નહિં. હજી તો બલંદીઓનું નામ આપીને માનવીની અધોગતિનું માપ નિકળી રહ્યું છે. તે નથી જાણતો કે તેની પહોંચ સાહેબે મેઅરાજ મોહમ્મદ (સ.અ.વ.)ના મુબારક પગના નિશાનથી કેટલી નીચી છે. જ્યાં આં હઝરતની વાત થઇ રહી છે ત્યાં આ ઉંચાઇઓની ગણતરી સૌથી નિમ્નકક્ષામાં થઇ રહી છે. ત્યાં આ ઉંચાઇ ક્યાંય ગણતરીમાં કે હરોળમાં આવતી નથી.

કેટલું સાચું છે આપણું કુરઆન? કેટલી ભવ્યતા અને ઉચ્ચતા છે આ મહાન કિતાબની? કોણ છે જે આ ફુરકાને હમીદની પ્રસંશામાં પોતાની ઝબાન ખોલે? આ કિતાબ ચૌદ સદીઓ કરતાં વધુ સમયથી દ્રોહી માનવીઓની પ્રકૃતિને ખુલ્લી પાડી રહી છે. કુરઆને કરીમે કેટલીય જગ્યાએ આગાહી કરી છે કે પોતાના જ્ઞાનની પ્રગતિ ઉપર અભિમાની ન બનો. સૌને આ જમીન ખાઇ જશે. ભવ્યતા અને ઉંચાઇ માત્ર અલ્લાહ તઆલા અને તેના રસુલ અને તેની આલ માટે તથા મોઅમેનીનો અને નેક લોકો માટે છે. અને અંતમાં કુદરતે આ કથન લખીને કલમ રોકી લીધી.

*''અને અમે આપના ઝીક્રને આપના માટે બુલંદ કર્યો.''*

એટલે કે આં હઝરતના ઝીક્રને એ ઉંચાઇ બક્ષી છે, તેને એટલું ભવ્ય બનાવ્યું છે કે જે આં હઝરતની શાનને શોભનીય છે. આપના ઝીક્રને ખુદાવંદે આલમે એ મોભો આપ્યો છે કે જે અર્શ સુધી પહોંચે છે. જ્યારે તમામ જીન્નાત અને ઇન્સાનો સાથે મળીને કુરઆને મજીદની એક આયતનું ઉદાહરણ પુરૂં પાડી શકતા નથી તો રસુલ (સ.અ.વ.)ની મહાનતા અને બુલંદીને કોણ જોઇ શકે છે? આ બુલંદીઓનો થોડો જલ્વો અને નૂરના છંટકાવની ઝલક કુદરતે પોતાના દાવાની સાબિતીમાં આપી છે. આ દુનિયાનો એવો કયો ખુણો છે જ્યાં અઝાનનો અવાજ નથી ગુંજી રહ્યો? બંને પૂર્વ અને બંને પશ્ચિમના એવા કયા સમયની એવી કઇ ક્ષણ છે જેમાં શહાદતૈનના દિલમાં બેસી જતા નગ્મા કાનની વાદીમાં વિખરાઇ નથી રહ્યા? અલ્લાહે પોતાના ઝીક્રની સાથે તેના હબીબના ઝીક્રને એ રીતે જોડ્યો છે કે શહાદતૈન વગરની નમાઝ, નમાઝ નથી. જેમકે આખી દુનિયામાં ઇબાદતની જાન ઝીક્રે ખુદા છે અને ઝીક્રે ખુદા, ઝીક્રે હબીબે ખુદાની સાથે સાથે એવી રીતે જોડાયેલો છે કે તેના વગર ઇબાદતની કોઇ કલ્પનાજ થઇ શકતી નથી.

અય તે કે જેની આ કુરઆનની આયત ''વ રફઅના લક ઝીકરક''માં પ્રસંશા કરવામાં આવી છે, એ મેઅરાજના માલિક! અય કાબા અને કવસયનના સ્થળોથી પસાર થનારા! અય તે કે જેનો ઝીક્ર જમીન અને આસમાનથી લઇને બલંદીઓની પરિસિમામાં ગુંજી રહ્યો છે, ખુદાવંદે આલમે જે ઝીક્રને ઉચ્ચતમ ઉંચાઇઓ બખ્શી છે, અય હબીબે ખુદા, અંબિયા અને મુરસલીનના અંતિમ. આપ (સ.અ.વ.) અમારા માટે એ સ્પષ્ટ કરી દયો કે આ ઝીક્રના દામનમાં તેની ચાદરની હેઠળ બીજા કેટલાં નૂર પ્રકાશિત છે.

ઇતિહાસની બારીઓ ખુલી. રિવાયતોના ખજાનામાં આપના મુબારક મુખેથી નિકળેલા વાક્યોથી ઇલ્મની શમા પ્રકાશિત થઇ. આપે ફરમાવ્યું.

*'અય અલી તમારો ઝીક્ર એ મારો ઝીક્ર છે અને મારો ઝીક્રએ ખુદાનો ઝીક્ર છે અને ખુદાનો ઝીક્ર ઇબાદત છે.'*

**(અનુસંધાન પાના નં. ૨૮ ઉપર)**